૫૬૩૮

વિચારસંગ્રહ.

સ્વર્ગસ્થ

ભોળાનાથ સારાભાઈ

કૃત

અભંગમાળા—ભાગ ૨ જો.

પ્રસિદ્ધ કરનાર,

અમદાવાદ પ્રાર્થના સમાજ.

ઈસવીસન ૧૮૯૩.

અમદાવાદ આર્યોદય પ્રેસ.

કિંમત ૦—૩—૦

પ્રસ્તાવના.

મર્હૂમ ભોળાનાથ સારાભાઇની અભંગમાળાનો પ્રથમ ભાગ પ્રસિદ્ધ થયે એક વર્ષ થઇ ગયું. એ પુસ્તકની પ્રસ્તાવનામાં કહ્યા પ્રમાણે અભંગમાળાનો આ બીજો ભાગ પ્રસિદ્ધ કર્યો છે. આ ભાગમાં જે ૯૫ અભંગ છે જેમાં ઘણા ખરા ઉપદેશપ્રદ હોઇ કવિના મનના અભિપ્રાય બહુ દૃઢરૂપે પ્રસિદ્ધ કરે છે, કેટલાક અભંગ પિતાના શ્રાદ્ધ નિમિત્ત, પોતાના જન્મ દિવસ નિમિત્ત અને બીજા સાંસારિક બનાવોને ઉદ્દેશી રચેલા છે. એ સર્વ કાવ્યોમાં કવિના મનનો આવેશ ઘણો સ્પષ્ટ રીતે જણાઇ આવે છે. આ વિષે વધારે કહેવાનું કાર્ય વિવેચન કર્તાનું હોવાથી આ સ્થળે એટલુંજ કહીશું કે ભોળાનાથના અભિપ્રાય કેટલા આગળ વધેલા હતા, હૃદયમાં કેવા સુદૃઢ સ્થપાઇ ચુકયા હતા, અને તે કેવા નિર્ભયપણે પ્રજા સમક્ષ મુકયા છે એ વાતની ખાત્રી આ પુસ્તક વાંચ્યાથી થશે.

અભંગ.

૧

જય જય દાતા, જગત વિખ્યાતા,
ત્રિભુવન ત્રાતા, તમે એક. ૧
રાખિ શુદ્ધ મન, કરૂં છું નમન,
સાંભળો સ્તવન, નમ્ર મારૂં. ૨
તમે અંતર્યામ, પૂરો મન કામ,
અવિચલ ધામ, આપો અંતે. ૩
તમે છો મંગલ, ધારો પૂર્ણ બલ,
કરશો નિર્મલ, વૃત્તિ મારી. ૪
દેવા સતસંગ, થાય નહિ ભંગ,
કરૂં હું અભંગ, ભક્તિ તારી. ૫
તમે છો મહાન, અતિ શક્તિવાન,
આપો મને જ્ઞાન, સદ્ધર્મનું. ૬
સકલ સમર્થ, પૂરો રૂડા અર્થ,
કૃપા વિના વ્યર્થ, સર્વ શ્રમ. ૭
તમે છો અનંત, અતિ દયાવંત,
રહો ક્ષમાવંત, દેવ સદા. ૮

૨

નમું પરબ્રહ્મ પરમ મંગલ,
નિઃસંગ નિર્મલ નિરાકાર. ૧
નમું સૃષ્ટિકર્તા નમું સૃષ્ટિધર્તા,
નમું સૃષ્ટિભર્તા ભગવાન. ૨
ભક્તજન ત્રાતા શાન્તિસુખદાતા,
વિશ્વપિતામાતા મહારાજ. ૩

અખંડ અનંત પૂર્ણ જ્ઞાનવાન,
નમું કૃપાવાન ન્યાયસિદ્ધ. ૪
નમું વિશ્વવંદ્ય વ્યાપક વરેણ્ય,
સર્વજ્ઞ શરણ્ય સચ્ચિદ્‌ઘન. ૫
અચલ અવ્યક્ત અક્ષય અજર,
પ્રભુ પરાત્પર પ્રાણપતિ. ૬
સકલઐશ્વર્ય સંપન્ન સમર્થ,
નમું પુરૂષાર્થ- દાતા દિવ્ય. ૭
ભવભયહારી વિભુ ન્યાયકારી,
દયાગુણધારી દેવ નમું. ૮
નિત્ય શુદ્ધ બુદ્ધ મુક્ત મહાશય,
નમું કૃપામય મહત્તત્વ. ૯
વ્યાપક વિશ્વેશ શિવ શાન્તરૂપ,
અમૃત અનૂપ પરમેશ. ૧૦
નમું દેવ દેવ સર્વથી વરિષ્ઠ,
નમું જ્યેષ્ઠ શ્રેષ્ઠ શાન્તિરૂપ. ૧૧
પ્રેરક પવિત્ર મંગલ મહાન,
નમું જ્ઞાનવાન સર્વાધ્યક્ષ. ૧૨
નમું પાપહારી બહુ ઉપકારી,
દયાગુણધારી વિશ્વાધીશ. ૧૩
સૃષ્ટિ ઉત્પાદક નમું નિયામક,
શુભ મતિદાયક નમું નમું. ૧૪
ધર્મોદ્ધારણ અખિલકારણ,
નમું નારાયણ નિર્વિકાર. ૧૫
પરમ પુરુષ નમું પ્રેમમય,
નમું હું અદ્વય અખંડાત્મા. ૧૬
સર્વસાક્ષીરૂપ સર્વજ્ઞ સબલ,

નમું હું અકલ અંતરાત્મા. ૧૭
નમું હું શાશ્વત ભક્તિ મુક્તિદાતા,
નમું વિશ્વત્રાતા ધર્માધ્યક્ષ. ૧૮
પ્રણતવત્સલ નમું દીનબંધુ;
નમું દયાસિંધુ દુઃખહારી. ૧૯
કરૂણાનિધાન નમું કૃપાવાન,
સર્વ શક્તિમાન શાન્તિ સ્થાન. ૨૦

૩

* નમું સચ્ચિત્સ્વરૂપ સૃષ્ટિનું કારણ,
સત્યં નારાયણ સર્વાશ્રય. ૧
નમું દ્વૈતતત્ત્વ નમું મુક્તિપદ,
બ્રહ્મ વિશ્વવ્યાપ્ત છો શાશ્વત. ૨
તમે એક માત્ર સર્વના શરણ્ય,
તમે છો વરેણ્ય. વિશ્વપાલ. ૩
તમે છો સ્વયંભુ તમે સ્વપ્રકાશ,
તમે અવિનાશ. અદ્વિતીય. ૪
તમે એક માત્ર સર્વ સૃષ્ટિકર્ત્તા,
તમે સૃષ્ટિભર્તા છો સંહર્તા. ૫
તમેજ છો પર તમે છો નિશ્ચલ,
તમે એક માત્ર નિર્વિકલ્પ. ૬
ભય કર્ત્તાના છો તમે મહા ભય,
તમે છો અક્ષય અનાદ્યંત. ૭
પ્રાણીઓને તમે શુભ ગતિદાતા,
પાવનના પાતા તમે સત્ય. ૮
મહા મોટા ઉચ્ચ પદના ધારક,

---

* नमस्ते सतेते जगत् कारणाय. આ સ્તોત્રનો આ અભંગમાં ભાવાર્થ છે.

તેના નિયામક તમે એક. ૯
પર થકી પર એક માત્ર તમે,
રક્ષકોનાં તમે છો રક્ષક. ૧૦
સર્વજ્ઞ તમને સ્મરિયે ભજીએ.
તમને કરીએ નમસ્કાર. ૧૧
તમે સત્સ્વરૂપ એકજ નિધાન,
ઈશ ભગવાન. નિરાલંબ. ૧૨
ભવાંભોધિપોત સર્વના શરણ્ય,
આવિયે ચરણ અમે સર્વ. ૧૩

૪

* શૈવિ જેની પૂજા કરે કહિ શિવ,
પૂજે છે વૈષ્ણવ કહિ વિષ્ણુ. ૧
બૌધધર્મમાર્ગી કહે જેને બુદ્ધ,
માને મહા શુદ્ધ મુનિ તેને. ૨
જૈનપંથી જેને કહે છે અર્હંત,
કરે છે અર્ચન ધ્યાન તેનું. ૩
વેદાન્તની શ્રુતિ કહે પરબ્રહ્મ,
માને મુખ્ય કર્મ કર્મવાદી. ૪
ન્યાયશાસ્ત્રસિદ્ધ કરિ કહે કર્ત્તા,
સૃષ્ટિના નિયંતા માને સત્ય. ૫
તત્વજ્ઞાનીઓની કલ્પના અનેક,
પણ દેવ એક એ સિદ્ધાંત. ૬
એવા પરમાત્મા ત્રિભુવન નાથ,

---

* यंशैवाःसमुपासतेशिवइतिब्रह्मेतिवेदान्तिनो
बौद्धाबुद्धइतिप्रमाणपटवःकर्तेतिनैयायिकाः
अर्हन्नित्यथजैनशासनरताःकर्मेतिमीमांसकाः

જોડિ બેઉ હાથ વંદુ તેને. ૭
વદિ સાચું સત્ય ધર્મ તત્વજ્ઞાન,
કરે છે કલ્યાણ વિશ્વનું જે ૮

૫

* જય પરમાત્મા પરમ મહેશ,
પ્રભુ પરમેશ પ્રણમુ હું. ૧
નર કે નારીનું નહિ વરે રૂપ,
સત્ય છે અનૂપ, ચિદાનંદ. ૨
અગમ્ય અચિંત્ય સર્વવિશ્વવ્યાપી,
થાય ન કદાપિ, જડતુલ્ય. ૩
નથી જેનો જન્મ નથી જેનો આદિ,

---

* दिव्योह्यमूर्त्तःपुरुषःसबाह्याभ्यन्तरोह्यजोऽप्राणोह्यमनाः
यंपश्यन्तियतयःक्षीणदोषाः ॥

(द्वितीयमुण्डक १—२)

અર્થ—ઈશ્વર મૂર્તિ રહિત દિવ્ય છે; પુરૂષઃ એટલે પરિપૂર્ણ બાહર તથા અંતરમાં છે, જન્મ રહિત છે અને પ્રાણ મનરહિત છે. તેના દર્શનથી યતિઓના દોષ નાશ પામેછે.

यत्तदद्रेश्यमग्राह्यमगोत्रमवर्णमचक्षुःश्रोत्रंतदपाणि
पादंनित्यंविभुंसर्व्वगतंसुसूक्ष्मंतदव्ययंयद्भूतयोनिंपरि-
पश्यन्तिधीराः ॥ (प्रथममुण्डक १—६)

અર્થ—ઈશ્વર અદૃશ્ય છે, ઇન્દ્રિયોથી ગ્રહણ કરી શકાતો નથી, તે અગોત્ર છે, અવર્ણ છે, તેને ચક્ષુ નથી, શ્રોત્ર નથી, હાથ નથી, પગ નથી. તે નિત્ય છે, વિભુ છે, સર્વ ઠેકાણે વ્યાપી રહ્યો છે, અતિ સૂક્ષ્મ છે, અવ્યય છે. જ્ઞાનીજનો પ્રાણિ માત્રના ઉત્પન્ન કરનારને આ સ્વરૂપે જુવેછે.

દેવ છે અનાદિ સત્તાધીશ. ૪
અમૂર્ત તથાપિ જુવે સર્વ કૃત્ય,
આપે ફળ સત્ય કર્મતણું. ૫
અવયવ નથી તોય કાર્ય કરે,
વિશ્વમાં સંચરે સર્વાધ્યક્ષ. ૬
એવા પરમાત્મા પરમ પવિત્ર,
મંગલ ચરિત્ર ગાઉં તેનાં. ૭
ગાઇને કરૂં હું પ્રેમથી પ્રણામ,
પરિપૂર્ણ કામ કરે સત્ય. ૮

૬

સૃષ્ટ્યુત્પત્તિ પૂર્વે હતા પરબ્રહ્મ,
શુભ ગુણ ધર્મ- યુક્ત તમે. ૧
સત્ય ચિદાનંદ સર્વમાં વ્યાપક,
[1]બૃહદારણ્યક બોલે શ્રુતિ. ૨
* એક પરમાત્મા વિના ન્હોતું કોઇ,
પ્રભુએ તે જોઇ કીધી સૃષ્ટિ. ૩
અનેક જીવોનો ન્હોતો પ્રાદુર્ભાવ,

---

૧ એ નામનુ ઉપનિષદ્ છે.

* आत्मैवेदमग्रआसीत्पुरुषविधः

(बृहदारण्यक. १।४।१)

અર્થ—આ (જગત્‌ની ઉત્પત્તિ) પહેલાં કેવળ પરમાત્મા હતો, અને તે પુરૂષ રૂપમાં હતો.

ब्रह्मवाइदमग्रआसीत्तदात्मानमेवावेत्, अहंब्रह्मास्मीति.

(बृहदारण्यक. १।४।१०)

અર્થ—બ્રહ્મ આ (જગત્‌ની ઉત્પત્તિ)ની પહેલાં હતો, અને તે પોતાને જાણતો હતો કે હું બ્રહ્મ છું.

વર્ણવે એ ભાવ   *ઐતુરીય. ૪
શ્રુતિ શાસ્ત્રમાં એ સિદ્ધાંત વચન,
કિધું છે કથન   મહર્ષિયે. ૫
જેની ઇચ્છાથકી   વિશ્વનો વિસ્તાર,
ચાલે છે વ્યવહાર   જગતનો. ૬
એજ પરમાત્મા   પૂરે શુભ કામ,
કરૂં છું પ્રણામ   તેને નિત્ય. ૭
નિત્ય તેને વંદી   વદું ધન્યવાદ,
માગું છું પ્રસાદ   એ પ્રભુનો. ૮

---

* आत्मावाइदमेकएवाग्रआसीत्नान्यत्किंचनामिषत् ।
संईक्षतलोकान्नुसृजाइति । सइमांल्लोकानसृजत.

(ऐतरीय. १ खंड. १, २)

અર્થ—આ (જગતની ઉત્પત્તિ)ની પૂહેલાં એક પરમાત્માજ હતો. એણે જોયું કે (મારા સિવાય) બીજું કંઇ નથી. એણે ઇચ્છા કરી કે હું લોકોની સૃષ્ટિ કરૂં. એણે આ લોકોની સૃષ્ટિ કરી.

इदंवाअग्रेनैवकिंचिदासीत्सदेवसोम्येदमग्रआसीत्
एकमेवाद्वितीयम्   (छांदोग्य ६।२।१)

અર્થ—આ (જગતની ઉત્પત્તિ) પહેલાં કંઇ નહોતું ફક્ત એક અદ્વિતીય, સત્સ્વરૂપ પરબ્રહ્મ હતો.

एतस्माज्जायतेप्राणोमनःसर्वेन्द्रियाणिच । खंवायुर्ज्यो
तिरापःपृथिवीविश्वस्यधारिणी.

(द्वितीयमुण्डक १—२९)

અર્થ—એ (બ્રહ્મ) થકી પ્રાણ, મન, સર્વ ઇંદ્રિયો, આકાશ, વાયુ, જ્યોતિ, જલ, તથા સર્વનો આધાર આ પૃથિવિ એ સઘળું ઉત્પન્ન થાય છે.

૭

*જેનાથી આ વિશ્વ થયું છે ઉત્પન્ન,
જેનાથી જીવન થાય તેનું. ૧
પરિણામે જેમાં જઇને રહે છે,
તેને બ્રહ્મ કહે છે વેદ શ્રુતિ. ૨
જેના આનંદથી સૃષ્ટિમાં આનંદ,
સુખ શાન્તિકંદ જે છે સત્ય. ૩
આનંદલહરી ન પામે વિરામ,
એવા છે નિષ્કામ પરિપૂર્ણ. ૪
જેના ગુણ ગાતાં થાકે મન વાણિ,
તેને નહિ જાણી સકે કોઇ. ૫
વન્હિ વાયુ જલ ઓષધિ સકલ,
તેમાં સર્વ બલ રહ્યુ જેનું. ૬
રહ્યો છે સકલ વિશ્વમાં જે વ્યાપી,

---

* यतोवाइमानिभूतानिजायंतेयेनजातानिजीवंतियत्
प्रयंत्यभिसंविशंतितद्विजिज्ञासस्वतद्ब्रह्म.

(तैतरीय ३।१)

અર્થ—જેનાથી આ સર્વ જગત તથા પ્રાણિ માત્ર ઉત્પન્ન થાય છે. ઉત્પન્ન થઇને જેનાથી તે જીવેછે અને અંતે જેમાં સર્વ લય પામેછે, તેને જાણવાની ઇચ્છા કર.

यतोवाचोनिवर्तंतेअप्राप्यमनसासह । आनंदंब्रह्मणो
विद्वान्नबिभेतिकुतश्चन ॥

અર્થ—મનુષ્યની વાણી અને મન ઇશ્વરને પ્હોંચ્યા વિના પાછાં આવેછે અર્થાત્ ઇશ્વરનું વર્ણન વાણી પૂરેપૂરૂં કરી સકતી નથી, મન તેને પૂરેપૂરો જાણી સકતું નથી. બ્રહ્મનો આનંદ જાણનાર વિદ્વાનને કશાથી ભય રહેતો નથી.

તેને નહિ માપી   સકે કોઇ   ૭
તેજ દેવને હું   કરૂં નમસ્કાર,
વિશ્વનો આધાર   છે તે સત્ય.   ૮

૮

ઋષિ મુનિ જેનું   સ્તવન કરે છે,
હૃદય ધરે છે   ધ્યાન જેનું.   ૧
જેની યશ કીર્તિ   શ્રુતિ શાસ્ત્ર ગાય,*
પાર ન પમાય   પૂરો જેનો.   ૨
જેનાથી થયું છે   જગતનું નિર્માણ,
રહ્યું છે મંડાણ   જેના બળે.   ૩
જે છે સર્વ સૃષ્ટ-   વસ્તુથી [1]પૃથક,
રહિને વ્યાપક   કરે કર્મ.   ૪
જે છે સર્વ સાક્ષી   સર્વનો આધાર
નિત્ય નિરાકાર   નિર્વિકાર.   ૫
ધન્ય જેની કૃતિ,   ધન્ય જેની ગતિ,
રચિ છે પ્રકૃતિ   જેણે સર્વ.   ૬
એવું મહત્તત્વ   સબલ સમર્થ,
પૂરે યોગ્ય અર્થ   પ્રાણીયોના.   ૭

---

૧ જૂદો.

* एकोदेवःसर्व्वभूतेषुगूढःसर्व्वव्यापीसर्व्वभूतान्तरात्मा।
कर्माध्यक्षःसर्व्वभूताधिवासःसाक्षीचेताकेवलोनिर्गुण
श्च ॥ २

અર્થ—એક દેવ સર્વ વસ્તુઓમાં ગૂઢ રહ્યો છે. તે સર્વ વ્યાપી છે, સર્વનો અન્તરાત્મા છે. તે કર્મનો અધ્યક્ષ છે, સર્વ ભૂતમાં તેનો વાસ છે, તે સર્વ સાક્ષી છે. ચૈતન્યમય છે કેવળ નિર્ગુણ છે.

તેના પાદપદ્મે કરૂછું પ્રણામ,
પૂર્ણ કરે કામ રૂડાં સર્વ. ૮

૯

જેના મહિમાનો પાર નહિ પામે,
વાણિ તો વિરામે મન સાથે. ૧
યશ ગુણ ગાવા નવ ચાલે મતિ,
થાકી વેદ શ્રુતિ ગાઈ સ્તુતિ. ૨
નથી જેની વ્યક્તિ નથી જેનું રૂપ,
સત્ય શાન્તિ રૂપ સ્વયંભુ જે. ૫
સાધુ જન જેનું કરે છે દર્શન,
પ્રસન્ન વદન નિરખે તેનું. ૬
* જલ સ્થલ સર્વે જેનો છે નિવાસ,
તેનો છે વિશ્વાસ આસ્તિકોને. ૫
સાનંદાશ્ચર્યથી જોઈ પ્રભુ શક્તિ,
કરે પરાભક્તિ શુદ્ધ ભાવે. ૬
મંગલ સ્તવન મંગલ ભજન,
કરે નિશદિન સાધુજન. ૭
એવા પરમાત્મા કરૂણાનિધાન,
આપો દિવ્ય જ્ઞાન દયા ભાવે. ૮

---

* યોદેવોऽग्नौयोऽप्सुयोभुवनमाविवेश,

यओषधीषुयोवनस्पतिषुतस्मैदेवायनमोनमः

(श्वेताश्वतर. २।१७)

અર્થ—જે દેવ અગ્નિમાં છે, જે જલમાં છે, જે ઔષધિમાં છે, જે વનસ્પતિમાં છે, અને જે આખા જગત્‌માં વ્યાપ્ત છે, તે દેવને વારંવાર નમસ્કાર છે.

૧૦

સર્વવ્યાપી શુદ્ધ ¹અકાય ²અક્ષત,
³અસ્નાયુ પવિત્ર છો નિષ્પાપઃ ૧
તમે સર્વદર્શી અંતર્યામી તમે,
પરાત્પર તમે સ્વપ્રકાશ. ૨
તમારી પ્રજાનું પાલન કરોછો,
મનોર્થ પૂરો છો યથાયુક્ત. ૩
તમારૂં લક્ષણ મંગલ પવિત્ર,
મંગલચારિત્ર ગાય શ્રુતિ.* ૪
નિરાકાર તમે તથાપિ સમર્થ,
પૂરવાને અર્થ પ્રજાઓના. ૫
ગુણ ચિંતનનું મોટું છે મહાત્મ્ય,
કરે છે તાદાત્મ્ય મનોવૃત્તિ. ૬
મનોવૃત્તિ મારી રહે સદા શાન્ત;
એજ કૃપાકાન્ત વાંછા મારી. ૭
વાંછા સર્વ મારી કરૂંછું વિદિત,
રાખુંછું પતીજ તમારી હું. ૮

૧૧

સર્વવ્યાપી શુદ્ધ અકાય અક્ષત,

---

૧ કાયા વગરનો. ૨ ક્ષય ન થાય તેવો. ૩ સ્નાયુ વગરનો.

* सपर्यगाच्छुक्रमकायमव्रणमस्नाविरंशुद्धमपापविद्धं ।
कविर्मनीशीपरिभूस्वयंभूर्याथातथ्यतोर्थान्व्यदधाच्छा
श्वतीभ्यःसमाभ्यः (इशावास्य. ८)

અર્થ—તે (બ્રહ્મ) સર્વ વ્યાપી છે, શુદ્ધ છે, એને શરીર નથી, અખંડ છે, શિરા (નાડી) રહિત, નિર્મળ, નિષ્પાપ સર્વદર્શી, સર્વોપરિ, તથા સ્વયંભૂ છે. તે સર્વકાળ પ્રજાને યથાઘટિત અર્થ આપે છે.

શિરાવિરહિત છો નિષ્પાપ. ૧
તમે સર્વ દર્શી સ્વયંભુ સમર્થ,
પૂરો યોગ્ય અર્થ પ્રજાઓના. ૨
એજ સત્ય દેવ સર્વના ઉપાસ્ય,
વદે ઈશાવસ્ય*— ઉપનિષદ્. ૩
એવા પરમાત્મા પરમ દૈવત,
આપે છે શાશ્વત શાન્તિ સુખ. ૪
તેનો હું કરૂંછું મંગલ આશ્રય.
આપશે અભય પદ મને. ૫
સત્ય એ વિશ્વાસ મારો નવ છૂટે,
સંબન્ધ ન તૂટે તારો કદી. ૬
ઉતારૂં પ્રભુને પ્રેમના નોછાર,
કરો અંગીકાર મારો નાથ. ૭

૧૨.

પ્રભુ ક્યાં તમારૂં કરૂં આવાહન,
કલ્પું હું આસન કિયે સ્થાને. ૧
તમે ત્રિભુવને વ્યાપિને રહ્યાછો,
વિશ્વને ધરોછો સત્તાથકી. ૨
તમે સ્વપ્રકાશ સત્ય શાન્તિરૂપ,
અખંડ અનૂપ અનાદ્યંત. ૩
દેશકાલાતીત પરમ પુનીત,
સદા સન્નિહિત છો ભક્તોને. ૪
નિયમ તમારા કરી નિરીક્ષણ,
લેઉંછું શિક્ષણ તેમાંથી હું. ૫
સહસ્રાપરાધ કરૂંછું તથાપિ,
તમે ન કદાપિ કરો કોપ. ૬

---

૧ નાડી વગરના. * ઉપરના અભંગમાં જુઓ.

એવી કોણ કૃપા કરશે કૃપાલ,
જાણી નિજ બાલ તમ વિના. ૭
સત્ય આશ્રય છે તમારો અમારો,
આવો તમે વારે કષ્ટ વેળા. ૮

૧૩

પતિત પાવન પરમ પવિત્ર,
મંગલ ચરિત્ર ગાઉં નિત્ય. ૧
* તમે સત્ય એક સર્વ સૃષ્ટિકર્ત્તા,
ભય દુઃખહર્તા દયાઘન. ૨
રચના તમારી અગમ્ય અપાર,
અતિ ચમત્કાર દીસે સર્વ. ૩
સકલ વસ્તુમાં યોજના તમારી,
અતિ ઉપકારી ભાસે સત્ય. ૪
તમારી સત્તાથી સર્વ સૃષ્ટિયંત્ર,
ચાલે છે સ્વતંત્ર નિયમથી. ૫
ગુણ ગણવાને વાણિ નથી પૂર્તિ,
દયામય મૂર્તિ છો કૃપાલ. ૬
કૃપા કરી મને શુભમતિ દેશો,

---

* यएकोऽवर्णोबहुधाशक्तियोगात्वर्णाननेकान्निहितार्थोदधाति।
विचैतिचान्तेविश्वमादौसदेवःसनोबुध्याशुभयासंयुनक्तु ॥४॥

અર્થ—જે એક અદ્વિતીય પરમાત્મા વર્ણરૂપ રહિત પ્રજાના સર્વ પ્રયોજનને જાણીને અનેક પ્રકારે પોતાની શક્તિના યોગથી વસ્તુઓ ઉત્પન્ન કરેછે; અને વિશ્વની આદિમાં મધ્યમાં અને અંતમાં છે. એટલે વિશ્વનો સ્રજનાર ધારણ કરનાર તથા લય કરનાર છે, તે સકલ વિશ્વમાં વ્યાપી રહ્યો છે એવો પ્રકાશમાન જ્ઞાનવાન્ દેવ પરમેશ્વર અમને શુભ સારી બુદ્ધિ આપો.

सद्गति करशो अंते मारी. ७
करद्वय जोडी करूं छुं वंदन,
कृपावलोकन करो देव. ८

१४

सत्य संनातन परम पावन,
पापविनाशन द्यो दर्शन. १
तमे कृपाघन जीवनुं जीवन,
करूं छुं वंदन विनयथी. २
विश्वना विधाता शान्तिसुखदाता,
प्रभु विना त्राता नथी अन्य. ३
देव अप्रतिम अखंड असीम,
सत्य सर्व नीम धारो तमे. ४
पतितोद्धारक दुःखविदारक,
पापसंहारक तमे सत्य. ५
तमने दयाल नमी सर्व काळ,
अर्पुं पुष्पमाल प्रेमथी हुं. ६
तमे उपकारी भवभयहारी,
करशो अमारी आत्मोन्नति. ७
कृपा छे अपार मानु उपकार,
करूं नमस्कार वारंवार. ८

१५

अनुपम तमे देव अनाद्यंत,
पूर्ण कृपावंत विश्वाधीश. १
विनय भावथी वंदु विश्वराय,
करशो सहाय सदा मने. २
सत्य सर्व तमे जीवनुं जीवन,
पापविदहन करो देव. ३

પ્રભુ છે તમારો મંગલ સ્વભાવ,
કરશો નિભાવ મારો તમે. ૪
જ્યાં સુધી જગમાં રહું જગદીશ,
કરૂં દિનનિશ ભક્તિ તારી. ૫
પ્રેમથકી પાળુ પરમ મહેશ,
મંગલ આદેશ તમારા હું. ૬
પ્રતિદિન દોષો જીવના જુવોછો,
તદપિ કરોછો પ્રતિપાળ. ૭
પૂજી પ્રભુપાદ વદું ધન્યવાદ,
શુભ આશીર્વાદ દેશો મને. ૮

૧૬

અમૂર્ત અખંડ અચિંત્ય અપાર,
કરૂં નમસ્કાર વારંવાર. ૧
તમારી કૃતિનો નહિ પામું પાર,
કરૂં નમસ્કાર વારંવાર. ૨
પ્રભુ મને સાચો તમારો આધાર,
કરૂં નમસ્કાર વારંવાર. ૩
પ્રભુ તારી ભક્તિ એજ સત્ય સાર,
કરૂં નમસ્કાર વારંવાર. ૪
તમારી દયાનો કરશો વિસ્તાર,
કરૂં નમસ્કાર વારંવાર. ૫
વિપત્તિ સમયે ચઢો મારી વારે,
કરૂં નમસ્કાર વારંવાર. ૬
અમારી સ્થિતિનો કરશો વિચાર,
કરૂં નમસ્કાર વારંવાર. ૭
વિનતિ અમારી કરશો સ્વીકાર,
કરૂં નમસ્કાર વારંવાર. ૮

૧૭

તમારી પ્રભુતા વર્ણવી ન જાય,
મનવૃત્તિ થાય મારી સ્તબ્ધ. ૧
જગત્તિ રચના દીસેછે સુંદર,
અતિ મનોહર સુખકર. ૨
કરૂણા તમારી પામી છે વિસ્તાર,
સૃષ્ટિના આધાર સત્ય તમે. ૩
સકલ વસ્તુમાં ઉપકારચિન્હ,
દેખીને પ્રસન્ન. થાય ચિત્ત. ૪
વિશ્વનિયમનું નિત્ય નિરીક્ષણ,
મંગલ દર્શન છે તમારૂં ૫
[1]સમાધિસ્થ સાધુ રહેછે મગન,
બ્રહ્મનું ભજન કરે સદા. ૬
હૃદયમાં ઊઠે આનંદલહરી,
બોલે હરિ હરિ હર્ષથકી. ૭
અવિહિત ક્રિયા કદિ નવ કરે,
નહિ કદિ ફરે નિયમથી. ૮
એવી શુભ વૃત્તિ આપો અવિનાશ,
એજ અભિલાષ રાખું નાથ. ૯

૧૮

મંગલ છે નામ મંગલ છે કામ,
મંગલ છે ધામ મહેશનું. ૧
તમે સૃષ્ટિકર્ત્તા તમે સૃષ્ટિવર્ત્તા,
તમે સૃષ્ટિભર્ત્તા ભગવંત. ૨
દુર્લભ ઉત્તમ મનુષ્યનો જન્મ,
કરવા સુકર્મ આપ્યો તમે. ૩

---

૧. સમાધિમાં રહેલા, ધ્યાન ધરનારા.

તમે છો મહાન   માગું વરદાન,
સત્ય સુખસ્થાન   આપો મને. ૪
ક્ષમાગુણ ધારો   કરો ઉપકારો
ભરોસો તમારો   અંરો મને. ૫
પ્રણત જનોનાં   પાપતાપ હરો.
પ્રેમભક્તિ ભરો   હૃદયમાં. ૬
ત્રિભુવનપતિ   કરૂં છું વિનતિ,
આપો દિવ્ય મતિ   દયાનિધિ. ૭
હૃદયસુમન   અર્પું હું ચરણ,
કરશો રક્ષણ   સર્વ કાળ. ૮

૧૯

ભલે લોક કહે   મને નિન્દાખોર,
લાગશે કઠોર   વાક્ય મારાં. ૧
નથી મને ઈર્ષ્યા   નથી વૈરભાવ;
પણ છે સ્વભાવ   કહેવા સાચું. ૨
પ્રીતિભાવથીહુ   કડવાં વચન,
કહુ દેશીજન—   હિત અર્થે. ૩
કડવું ઔષધ   પ્રિયજન પાય,*
પરિણામ થાય   તેનો રૂડો. ૪
અંધ ભૂલી માર્ગ   જાય જયહાં કૂપ,

---

* श्रेयश्चप्रेयश्चमनुष्यमेतस्तौसम्परीत्यविविनक्तिधीरः।
तयोःश्रेयआददानस्यसाधुभवतिहीयतेऽर्थात्यउप्रेयोवृणीते॥ २

અર્થ—મનુષ્યને શ્રેય (ખરૂં કલ્યાણકારિ) આવી મળે છે તેમ પ્રેય (પ્રીતિકર) પણ આવી મળે છે. ધીર પુરૂષ બન્નેમાં સમાહિત ચિત્તથી ભેદ પાડે છે. તેમાંથી શ્રેય ગ્રહણ કરે તેનું કલ્યાણ થાય છે; જે પ્રેય પસંદ કરે છે તે પુરૂષાર્થ ખોયછે.

*રહીયે જો ચૂપ લાગે દોષ. ૫
સંપ્રદાયીઓએ પાખંડના ગ્રન્થ,
રચી શુદ્ધ પંથ કીધો ભ્રષ્ટ. ૬
વ્હેમરૂપી કાંટા નાંખ્યા ઠેર ઠેર,
ભેળવ્યું છે ઝેર અમૃતમાં. ૭
તેને દૂર કરવા એકજ ઉપાય,
ઉપદેશ થાય સત્ય સ્પષ્ટ. ૮

૨૦

લોક નિન્દાથકી કદી જે ન ડરે,
સત્ય તેજ તરે સંસારાબ્ધિ. ૧
આધુનિકલોક માને જેને ધર્મ,
જાણેછે અધર્મ દેવ તેને. ૨
આચરણ લાગે લોકને જે પ્રિય,
તેજ છે અપ્રિય ઈશ્વરને. ૩
વિના ઉપદેશ સુધરે ન જન,
નહિ શુદ્ધ થાય મન કદી. ૪

वेदाहमेतं पुरुषं महान्तं अदित्यवर्णतमसः परस्तात् ।
तमेव विदित्वाऽतिमृत्युमेति नान्यःपन्थाविद्यतेऽयनाय ॥
(तथा ३ । ८)

અર્થ—હું આ મહા પુરૂષને દિવ્ય વર્ણવાળો અને, અન્ધકારથી પર રહેલો જાણુંછું. તેને જ જાણ્યાથી મનુષ્ય મૃત્યુની પાર જાય છે. સનાતન સુખ પ્રાપ્ત કરવાનો તે વિના બીજો માર્ગ નથી.

*. પાંચમા ચરણમાં, ફારસી કવી સાદીના નીચે ફારસી વચનનો ભાવાર્થ છે,—

અગર બીનમ કે નાબીના વો ચાહસ્ત.
અગર ખામુશ બીસીનમ ગુનાહસ્ત.

અર્થ- હું જો એકાદ અંધજનને જતો જોવું અને તેની આગળ કુવો હોય તેમ છતાં હું કાંઇ બોલું નહિ તો તે પાપ કર્યા બરોબર છે.

* ધાર્મિક જનો જે ચાહે દેશહિત
રાખે તેમાં ચિત્ત સદાહીત. ૫
સત્ય ધર્મમાર્ગે સર્વને ચઢાવે,
ઉપાય બતાવે ઉન્નતિનો. ૬
જાણી જોઇને જે કર્ત્તવ્યને ચૂકે,
પ્રભુ પડ્યો મૂકે તે પ્રાણીને. ૭
દયાલુ પુરુષ તજી નિજ સ્વાર્થ,
કરે પરમાર્થ કર્થ સદા. ૮
એવા સાધુજન વિરલ છે આજ,
મનુષ્યની દાઝ જાણનારા. ૯

૨૧

આર્ય દેશ ભૂમિ ઉત્તમ કહેવાય,
પ્રાદુર્ભાવ થાય મહાત્માનો. ૧
મહાત્મા થયા તે હતા વ્રતધારી,
પરઉપકારી પુણ્યાચારી. ૨
એક દેવના તે હતા ઉપાસક,
હતા પ્રચારક સદ્ધર્મના. ૩
સ્વાર્થ મૂકી દેઈ સાધ્યો પરમાર્થ,
ગણ્યું સુખ વ્યર્થ સંસારનું. ૪
ધ્યાનસ્થ થઇને શોધ્યો સર્વ સાર.
ધર્મનો વિચાર કીધો પૂર્ણ. ૫
ઈશ્વરની શક્તિ મહિમા લક્ષણ,
કર્યું નિરૂપણ શ્રુતિદ્વારા. ૬
એજ શુભ માર્ગે ચાલે ભક્તજન,
ઈશ્વરભજન કરે નિત્ય. ૭

---

* परोपकारायसतांविभूतयः
અર્થ—સત્પુરૂષોની સંપત્તિ પરોપકાર માટે છે.

તેમાં પાપકર્મ થાય સર્વ નાશ,
માયા મોહપાશ છૂટે તેના. ૮

૨૨

આર્યદેશમા છે ધર્મગ્રન્થ વેદ,
તેમાં છે બે ભેદ કર્મ, જ્ઞાન. ૧
કર્મકાંડ કરે યજ્ઞની પ્રશંસા,
નહિ ગણે હિંસા યજ્ઞ માટે. ૨
જ્ઞાનકાંડ કરે યજ્ઞનુ ખંડન,
અંતર યજન માને શ્રેષ્ઠ. ૩
[1]શિરો ભાગે કીધુ બ્રહ્મનિરૂપણ,
મંગલ લક્ષણ વર્ણવે છે. ૪
સત્ય જ્ઞાનરૂપ અનંત અદ્વય,
દેવ દયામય કર્યો સિદ્ધ. ૫
જેમ જેમ જામ્યો બુદ્ધિનો સંસ્કાર,
અધ્યાત્મ વિચાર થયો શુદ્ધ. ૬
અધમ ઠરાવ્યું પ્રતિમા પૂજન,
અંતર યજન માન્યું શ્રેષ્ઠ. ૭
બ્રાહ્મધર્મનો છે સત્ય એ સિદ્ધાન્ત,
પૂજે શિવશાન્ત એકાન્તમાં. ૮

૨૩

જૂદે જૂદે કાળે થયા સાધુજન,
બોલ્યા છે વચન યથામતિ. ૧
વિચારમાં લઈ શાસ્ત્રનાં વચન,
કીધું વિવેચન શ્રુતિયોનું. ૨
યજ્ઞ યાગ વિધિ કરીને ખંડન,
ભક્તિનું મંડન કીધું સિદ્ધ. ૩

---

૧ મુખ્ય ભાગમાં.

* પરા અપરા બે   શ્રુતિઓના ભેદ,
બતાવ્યા છે વેદ   વચનથી. ૪
બ્રહ્મધર્મ માને   સત્ય પરાશ્રુતિ,
શુભાશુભ કૃતિ   ફલ માને. ૫
જેનો હોય શુદ્ધ   ઉત્તમ સંસ્કાર,
કરે અંગીકાર   એ ધર્મનો. ૬
કૃપા કાન્ત તમે   સુણિ વિજ્ઞાપન,
કરશો સ્થાપન   સદ્ધર્મનું. ૭
સત્ય ધર્મમાં રે'   એટલો વિશ્વાસ,
પ્રભુ સહવાસ   છૂટે નહિ. ૮

૨૪

લક્ષાવધિ લોકો   માને છે સાકાર,
તમે નિરાકાર   છો તથાપિ. ૧
અનેક રૂપની   કરે કલ્પનાઓ,
પૂજે પ્રતિમાઓ   નાનાવિધે. ૨
નવ થાય માપ   નવ થાય સીમા,

---

* द्वेविद्येवेदितव्यइतिहस्मयद्ब्रह्मविदोवदंतिपराचैवापरांच

(मंडूक. १।४)

અર્થ—જાણવા યોગ્ય બે વિદ્યા છે જેને બ્રહ્મવિત્ લોકો પરા અને અપરા કહે છે.

अपराऋग्वेदोयजुर्वेद:सामवेदोऽथर्ववेद:शिक्षाकल्पोव्याकरणं निरुक्तंछंदोज्योतिषमिति। अथपराययातदक्षरमधिगम्यते.

(मंडूक. १।५)

અર્થ—ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ, અથર્વવેદ, શિક્ષા, કલ્પ, વ્યાકરણ, નિરૂકત, છંદ, જ્યોતિષ એ સર્વ અપરા (અશ્રેષ્ઠ) વિદ્યા છે. જેનાથી અક્ષરપુરૂષને જાણવામાં આવે તેજ પરા (શ્રેષ્ઠ) છે.

તમારી પ્રતિમા દીસે નહિ. ૩
* વદે શ્રુતિ સ્મૃતિ વદે છે પુરાણ,
કરે છે પ્રમાણ અમૂર્તનું. ૪
અજ્ઞાનથી થયો લોપ સત્યધર્મ,
નવ કરે કર્મ વિધિયુક્ત. ૫
બ્રાહ્મધર્મમાં છે સત્ય તત્ત્વસાર,
કરે અંગીકાર ધર્મનિષ્ઠ. ૬
હોય મહા ભાગ્ય જેનું આ જગતે,
ધરે બહુ પ્રીતે એ ધર્મને. ૭
કૃપાકાન્ત તમે બ્રાહ્મધર્મ મત,
કરશો પ્રવૃત્ત દેશો દેશ. ૮

૨૫

આજ આ દેશમાં બેઠું નવું વર્ષ,
કરે સર્વ હર્ષ બાલ વૃદ્ધ. ૧
નરનારી પહેરી વસ્ત્ર આભૂષણ,
દેવનાં દર્શન લેવા જાય. ૨
શ્રી કૃષ્ણાવતાર દેશમાં મનાયો,
યશ તેનો ગાયો વૈષ્ણવોએ. ૩
ગોવર્ધનધારી ગોપિકાવિહારી,
માને અવતારી તેને સર્વ. ૪
શુદ્ધ ધર્મ ભૂલી વળ્યા વહેમપંથે,
રાખી ખોટા ગ્રન્થે દઢ શ્રદ્ધા. ૫
પકવાન્નનો કરે મોટો અન્નકૂટ,
મિથ્યા માથાકૂટ કરે મૂર્ખ. ૬

---

* नतस्यप्रतिमाभातियस्यनाममहद्यशः

યજુર્વેદ અ. ૩૨. મંત્ર ૩.

અર્થ—જેનો યશ મોટો છે એવા ઇશ્વરની પ્રતિમા નથી.

વિક્રમ સંવત આજિ બદલાય,
માટે તે ગણાય વર્ષારમ્ભ. ૭
વર્ષારમ્ભોત્સવ કરે બ્રાહ્મગણ,
અંતર દર્શન લે ઈશનાં. ૮
ઈષ્ટમિત્ર મળી બોલે જયવાદ,
માગે આશીર્વાદ ઈશ્વરના. ૯

૨૬

પરમ મહેશ મંગલનિધાન,
પૂર્ણ કૃપાવાન પ્રેમ સિંધુ. ૧
ધન્ય દિન આજ વાર્ષિક ઉત્સવ,
માને શુભ પર્વ જન સર્વ. ૨
એવા અવસર વિભુ વિશ્વંભર,
પ્રતિ સંવત્સર આપો તમે. ૩
તમારી કૃપાથી જાય વિઘ્ન ભય,
થાય સત્ય જય સદ્ધર્મનો. ૪
સત્ય ધર્મોદય થાઓ દેશદેશ.
શુભ એ ઉદ્દેશ છે અમારો. ૫
મંગલ સમયે કરિ આરાધન,
ગાઇયે સ્તવન આનંદથી. ૬
અખંડિત ભક્તિ આપો જગદીશ,
માગિયે આશિષ અમે સર્વ. ૭
સર્વ પરિવાર આવિ તવ દ્વાર,
કરે નમસ્કાર વારંવાર. ૮

૨૭

સર્વ સૃષ્ટિકાર્ય તમારેજ હાથ,
રહો નહિ નાથ [1]ઉદાસીન. ૧

૧ બેદરકાર.

સેવકજનોને ચોકી ધર્મબલ,
રહે તે અચલ સત્કાર્યમાં. ૨
જનહિતકારી કરે નિત્ય કર્મ,
સત્ય બ્રાહ્મધર્મ પાળે પ્રીતે. ૩
બ્રાહ્મધર્મનાં છે મંગલવિધાન,
સત્ય દિવ્ય જ્ઞાન દર્શાવે છે. ૪
બ્રહ્મનિષ્ઠ તે જ પાળે બ્રાહ્મધર્મ,
જાણે સત્ય મર્મ તે ધર્મનો. ૫
ધર્મહીન જીવ પશુના સમાન,
નહિ તેને માન આપો તમે. ૬
હાથ જોડિ માગું પ્રભુ ધર્મનિષ્ઠા,
સત્ય છે પ્રતિષ્ઠા ધર્મિષ્ઠની. ૭
રહું સદાકાલ સત્ય નિષ્ઠાવાન,
એજ ભગવાન છે પ્રાર્થના. ૮

૨૮

સર્વસાક્ષી તમે સર્વ સ્થલ વ્યાપ્ત,
થાઓ તમે પ્રાપ્ત ભક્તિથકી. ૧
ગૌણ મુખ્ય બન્ને ભક્તિના છે ભેદ,
વખાણે છે વેદ પરાભક્તિ. ૨
માનસી યજન માનસી પૂજન,
પ્રભુનું અર્ચન એજ મુખ્ય. ૩
પરાભક્તિ વિના પ્રભુ ન પમાય,
વૃથા સર્વ જાય ગૌણી અર્ચા. ૪
શુદ્ધ શ્રેષ્ઠ ભક્તિ એજ મુખ્ય ધર્મ,
કર્તવ્ય છે કર્મ મનુષ્યનું. ૫
સંસારમાં રહી કર્તવ્ય ન થાય,
જન્મ વ્યર્થ જાય માનવીનો. ૬

સત્ય ધર્મ મને સૂચવો સદાયે,
નમી વિશ્વરાય લાગું પાય. ૯
તમારી સેવાથી પાત્રતા હું પામું;
જુઓ મારા સામું. પ્રભુ તમે. ૮

૨૯

તમે પૂર્ણ બ્રહ્મ મંગલનિધાન,
તમારૂં વિધાન સર્વ સત્ય. ૧
તુલના તમારી નવ કોથી થાય,
કળા ન કળાય કોઈથકી. ૨
ઋષિ મુનિ સર્વ ગાઈને વિરામ્યા,
નહિ કોઈ પામ્યા લક્ષ્ય સ્થળ. ૩
સંસારસમુદ્રે નિમગ્ન હું દીન,
તમારે આધીન છે જીવન. ૪
નીતિયુક્ત ભક્તિ, માનું મુખ્ય ધર્મ,
પ્રભુપ્રિય કર્મ કરૂં નિત્ય. ૫
તમારો પ્રભાવ વ્યાપક સમસ્ત;
વરદાયી હસ્ત મૂકો શીશ. ૬
સર્વ દેશદેશે સત્યધર્મધ્વજા,
ધારે તારી પ્રજા પુણ્યશાલિ. ૭
સત્યનો સદૈવ જય જય થાઓ,
ભક્તજન ગાઓ ગુણ તારા. ૮

૩૦

સત્ય જ્ઞાનવાન આનંદ સ્વરૂપ,
અમૂર્ત [1]અનૂપ પૂર્ણ બ્રહ્મ. ૧
બ્રહ્મજ્ઞાન સત્ય નવ જાણે લોક,
થાય અતિ શોક આસ્તિકોને. ૨

---

૧. ઉપમા ન થાય તેવા.

સત્ય જ્ઞાન વિના   વ્યર્થ સર્વ જન્મ,
વ્યર્થ સર્વ કર્મ   તપ ધર્મ. ૩
સૃષ્ટિસર્ગકર્ત્તા   એક છે અનંત,
જાગ્રત જીવંત   છે સાક્ષાત. ૪
સત્ય પરકાલ   પરલોક સત્ય,
પામે ફળ કૃત્ય   કરે તેવું. ૫
એવી દૃઢ આસ્થા   એજ સત્યજ્ઞાન,
મંગલ વિધાન   ધર્મનું એ. ૬
જીવ શિવના છે   સર્વ કાળ ભેદ
વદે શ્રુતિ વેદ   વાણી સત્ય. ૭
ભક્તિથકી થાય   જીવનો ઉદ્ધાર,
એજ સત્ય સાર   સદ્ધર્મનો. ૮

૩૧

સત્ય ધર્મ વિના   સુધરે ન દેશ,
ન થાય પ્રવેશ   પુણ્ય કર્મ. ૧
સત્ય ધર્મ વિના   પ્રભુ ન પમાય,
કરી ન સકાય   શુદ્ધ ભક્તિ. ૨
સત્ય ધર્મ વિના   સુખ નહિ થાય,
વ્હેમ નહિ જાય   દેશમાંથી. ૩
સત્ય ધર્મ વિના   દુઃખ નવ ટળે,
પ્રેમ નહિ મળે   ઈશ્વરનો. ૪
સત્ય ધર્મ વિના   નવ થાય શાન્તિ,
નહિ જાય ભ્રાન્તિ મનમાંથી. ૫
સત્ય ધર્મ વિના   નહિ મળે જય,
ભાગ્યનો ઉદય   નહિ થાય. ૬
સત્ય ધર્મ વિના   સંપ નહિ થાય,
વૈર નહિ જાય   લોકમાંથી. ૭

સત્ય ધર્મ વિના વૃથા સર્વ શ્રમ,
પ્રભુપ્રિય કર્મ નવ થાય. ૮

૩૨

સત્ય ધર્મ વિના નવ થાય શાન્તિ,
ભમે સર્વ ભ્રાન્તિ- જાલે લોક. ૧
સત્ય ધર્મ વિના નવ થાય સુખ,
પામે બહુ દુઃખ દેશી જન. ૨
સત્ય ધર્મ વિના નવ થાય ભક્તિ,
પમાય ન મુક્તિ પરલોકે. ૩
સત્ય ધર્મ વિના પાપ નવ જાય,
પ્રસન્ન ન થાય પરમેશ. ૪
સત્ય ધર્મ વિના વ્યાપ્યું છે અજ્ઞાન,
ભૂલી ગયા ભાન દેશી જન ૫
દેવો દયામય તમારો આશ્રય,
કરશો ઉદય સત્ય ધર્મ. ૬
ઈશ્વર છે સત્ય જગત છે સત્ય,
થાય જય સત્ય સદ્ધર્મનો. ૭
સત્યશીલ સાધુ સત્ય ધર્મ સ્હાય,
ધર્મને સહાય જગદીશ. ૮

૩૩

નિંદા કિંવા વંદા પણ કહેવું સ્પષ્ટ,
સ્હેવું સર્વ કષ્ટ જે પડે તે. ૧
દ્વેષ કરવાથી સ્વદેશાભિમાન,
ખોઈ દીધું માન પૂર્વજોનું. ૨
થયો છે પાખંડ ધર્મનો પ્રચાર,
નિંદિત આચાર પ્રવર્ત્યા છે. ૩

કરવું ઘટે છે ધર્મનું મંડન,
અંધધર્મખંડન આસ્તિકોએ. ૪
બ્રાહ્મણો સર્વ થઇ એકમત,
કરશો પ્રવૃત્ત બ્રાહ્મધર્મ. ૫
પવિત્ર પ્રભુનાં મંગલ લક્ષણ,
કીધાં નિરૂપણ એ ધર્મમાં. ૬
માટે બ્રાહ્મધર્મ ગણાય ઉત્કૃષ્ટ,
પ્રમાણ છે સ્પષ્ટ શ્રુતિ શાસ્ત્રે. ૭
દેશઉન્નતિનો એકજ ઉપાય,
સત્ય ધર્મ થાય સર્વ સ્થાને. ૮

૩૪

લોક તરછોડે પ્રભુ નવ છોડે,
રાખે નિજ ક્રોડે ભક્તને તે. ૧
ભક્તજનને તે પ્રેરે પુણ્યપથ,
પૂરે મનોરથ તેના સર્વ. ૨
ભક્તજન થાય સર્વ દેશ દેશ,
બતાવે આદેશ ઈશ્વરનો. ૩
પુણ્યશાલી સાધુ શુભ કર્મ કરે,
કદિ નવ ડરે લોકથી તે. ૪
પ્રભુ સાથે રાખે સાચો અનુરાગ,
કરે પ્રાણત્યાગ પ્રભુ અર્થે. ૫
ધર્મસ્થાપનાર્થ ધરેછે તે જન્મ,
કરે દિવ્ય કર્મ નિરંતર. ૬
ધરે નહિ કદી સ્વમતાભિમાન,
ગ્રહે સત્ય જ્ઞાન મળે જ્યાંથી. ૭
પરોપકારાર્થે ફરે દેશ દેશ,
કરે ઉપદેશ સદ્ધર્મનો. ૮

૩૫

માટે પ્રિય મિત્રો થઇને જાગૃત,
કરશો પ્રવૃત્ત બ્રાહ્મધર્મ. ૧
એની સત્યતા છે સર્વમાં મિશ્રિત,
માટે છે પ્રેરિત પ્રભુનો તે. ૨
પ્રેરો દેશ દેશ ધર્મપ્રચારક,
કલ્યાણકારક છે એ કર્મ. ૩
એકચિત્ત થઈ લોકને જગાડો,
ડિંડિમ વગાડો સદ્ધર્મનો. ૪
આપશે ઈશ્વર તમને આશ્રય,
થશે સત્ય જય સત્ય ધર્મ. ૫
સત્યની પતાકા દેશમાં ઉડાવો,
હર્ષથી ચડાવો સત્યધ્વજા. ૬
સત્યધ્વજા ધારી ફરો સર્વ દેશ,
કરો ઉપદેશ સદ્ધર્મનો. ૭
દેશમાં પામ્યો છે શુદ્ધ ધર્મ અસ્ત,
થયા વેહેમગ્રસ્ત લોક સર્વ. ૮

૩૬

શિવ અદ્વિતીય સત્ય જ્ઞાનવાન,
કરો તમે જય સદ્ધર્મનો. ૧
તમે વિશ્વપતિ જાણો જીવકૃતિ,
આપો પ્રભુ મતિ મને રૂડિ. ૨
રવિ શશી તારા ગ્રહગણ સારા,
નિયમે તમારા પાળે સર્વ. ૩
આનંદ હું પામું પ્રભુમાં વિરામું,
જુવો મુજ સામું કૃપાકાંત. ૪
નમું જોડિ હાથ વદું ધન્યવાદ,

માગું હું પ્રસાદ તારો દેવ. ૫
દેવ હું તમારો દુઃખને નિવારો,
ભવથી ઉદ્ધારો વિશ્વપિતા. ૬
વિશ્વ પિતામાતા ભક્તજન ત્રાતા,
મોક્ષપદ દાતા સત્ય તમે. ૭
સત્ય શાન્તિ સ્થાન તમે ભગવાન,
માગું વરદાન મુક્તિ આપો. ૮

૩૭

ઇંદ્રિયથી મન ઉત્તમ છે શ્રેષ્ઠ,
મનથી ઉત્કૃષ્ટ જ્ઞાનબુદ્ધિ. ૧
બુદ્ધિથકી પર ચિન્મય છે સત્ય,
તેથી શ્રેષ્ઠ તત્ત્વ છે પ્રકૃતિ. ૨
પ્રકૃતિથી પર પરમ પુરૂષ,
વ્યાપક છે ઇશ અશરીર. ૩
એને જાણવાથી જીવ મુક્ત થાય,
શ્રુતિ એમ ગાય [1]કઠવલ્લિ. ૪

---

૧. એ નામનું ઉપનિષદ્ છે.

इंद्रियेभ्य:पराह्यर्थाअर्थेभ्यश्चपरंमन:
मनसस्तुपराबुद्धिर्बुद्धेरात्मामहन्पर:
महत:परमव्यक्तमव्यक्तात्पुरुष:पर:
पुरुषान्नपरंकिंचित्साकाष्ठासापरागति:
(कठ ३।११)

અર્થ—ઇંદ્રિયોથી ઇંદ્રિયોના અર્થ શ્રેષ્ઠ છે, તે કરતાં મન શ્રેષ્ઠ છે, મન કરતાં બુદ્ધિ શ્રેષ્ઠ છે, બુદ્ધિ કરતાં જીવાત્મા શ્રેષ્ઠ છે, જીવાત્માથી અવ્યક્ત (પ્રકૃતિ) શ્રેષ્ઠ છે, અને તેના કરતાં પરમ પુરૂષ (બ્રહ્મ) શ્રેષ્ઠ છે. તે પરમ પુરૂષથી બીજું કંઈ પણ શ્રેષ્ઠ નથી. તેજ અંત છે અને તેજ પરમ ગતિ છે.

એવા પ્રભુને જે   જીવ ભૂલી જાય,
હિંસક કહેવાય   આત્માનો. તે.   ૫
અંતકાળે તેને   થાય બહુ શોક,
નહિ પરલોક   પામે સુખ.   ૬
પરબ્રહ્મ છોડી   પ્રકૃતિને પૂજે,
તેને નવ સૂઝે   સત્ય માર્ગ.   ૭
અનન્ય ભાવેથી   પ્રભુને ઉપાસે,
તેનાં દૂર નાસે   દુષ્ટ કર્મ.   ૮

૩૮

પવિત્રાર્ય દેશે   પૂર્વના મહર્ષિ,
હતા [1]સમદર્શી   દયાવાન.   ૧
તેમની દૃષ્ટિમાં   નો'તો ભેદાભેદ,
પ્રમાણ છે તેનાં   વેદમધ્યે.   ૨
પરમ મંગલ   ઈશ્વરના ગુણ,
કીધા નિરૂપણ   શ્રુતિવિષે.   ૩
એવા ઈશ્વરનું   ઉત્તમ અર્ચન,
મૂકીને પૂજે છે   પાષાણને.   ૪
મૃત્તિકાને ચૂંથી   ઘડે ખોટા ઘાટ,
રચે મોટા ઠાઠ   પૂજનનો.   ૫
જડમાં કરે છે   ઈશ્વરાવાહન,
પછી વિસર્જન   કરે તેનું.   ૬
એવી બાલચેષ્ટા   કરે મૂર્ખજન,
આપે ઉત્તેજન   એ માર્ગને.   ૭
ખરો પ્રેમ હોય   ઈશ્વરઉપર,
તજે તે સત્વર   નિંદ્ય ધર્મ.   ૮

---

૧. સમાન દૃષ્ટિવાળા.

ડુંક

ઈશ્વરઅસ્તિત્વ સર્વ લોક માને,
એકા તેમ જાણે સર્વ થકી. ૧
પરમ પ્રભુનાં સ્વરૂપ લક્ષણ,
કલ્પે વિલક્ષણ અજ્ઞાનથી. ૨
પરિમિત તેનો માને છે આકાર,
વિષયવિકાર કલ્પે તેમાં. ૩
કરાવે છે તેને સંસારવ્યવહાર,
પુત્ર પરિવાર માને તેના. ૪
શક્તિરૂપ તેનું કલ્પિને વિચિત્ર,
રચ્યાં છે ચરિત્ર અમંગળ. ૫
અર્પે છે દેવીને પશુબલિદાન,
ધરે સુરાપાન નૈવેદ્યમાં. ૬
સત્ય ધર્મમાર્ગ થઇને ઉચ્છિન્ન,
પ્રવર્ત્યા છે ભિન્ન ભિન્ન પંથ. ૭
કૃપાળુ પ્રભુની કૃપા થશે જ્યારે,
સુધરશે ત્યારે આર્ય દેશ. ૮

૪૦

શ્રુતિ સર્વ બોલે એક દેવ સત્ય,
કરે સર્વ કૃત્ય યથાયુક્ત. ૧
પિતાતુલ્ય કરે પ્રાણીનું પાલન,
આપે છે સાધન જીવનનું. ૨
વિશ્વની રચના દીસે વિલક્ષણ,
આપેછે શિક્ષણ સર્વ રૂડું ૩
પ્રત્યક્ષ પ્રમાણ જુવે છે તથાપિ,
માને નહિ પાપી ઈશ્વરને. ૪

૪૧

જુઓ જન લોકો અતિ અનાચાર,

પામ્યો છે પ્રચાર જગતમાં.
જૂદા જૂદા ધર્મ જૂદા જૂદા પંથ,
જૂદા જૂદા ગ્રંથ પ્રત્યેકના. ૨
એક કુટુંબમાં જૂદા જૂદાં મત,
જૂદાં જૂદાં વ્રત દેવ જૂદા. ૩
કોઇ માને હરિ કોઈ માને હર,
પૃથક મંદિર બાંધે તેનાં. ૪
કોઇ પૂજે પશુ કોઇ પૂજે વૃક્ષ,
કોઇ પૂજે યક્ષ રાક્ષસને. ૫
કોઇ મારિ પશુ આપે બળિદાન,
કોઇ મદ્યપાન માને ધર્મ. ૬
અધર્મ તે ધર્મ અનીતિ તે નીતિ,
એવી ધર્મસ્થિતિ થઈ દેવ. ૭
દુર્ભાગ્યથી થયો સત્યધર્મલોપ,
પ્રભુ કેમ કોપ કીધો તમે. ૮

૪૨

અનેક શ્રુતિનાં વચન અનેક,
કરવો વિવેક ઘટે તેનો. ૧
વિવેચન વિના બગડે છે ધર્મ,
વિપરીત કર્મ કરે લોક. ૨
એક શ્રુતિ બોલે રૂડું જ્ઞાન કર્મ,
કહે છે અધર્મ તેને બીજી. ૩
જૂદા જૂદા પંથે કિધા જૂદા અર્થ,
થયો છે અનર્થ તેથી ભારે. ૪
પવિત્ર પ્રભુને ઉપાધિ લગાડે,
લોકને બગાડે મિથ્યાવાદી. ૫
મિથ્યાવાદીઓના મિથ્યા ઉપદેશ,

નવ થાય લેશ એય તેથી. ૬
વિપરીત જ્ઞાન વેદાન્તિ બતાવે,
વિશ્વને ફસાવે ભ્રાન્તિજાલે. ૭
એવા વેદાન્તિની નવ લેવી છાયા,
ભ્રષ્ટ તેની કાયા વાણિ સર્વ. ૮

૪૩

મૂકિ દેઇ સર્વું મત ભેદવાદ,
રાખું એક નાદ બ્રહ્મ સાથ. ૧
મંગલ તમારૂં નામ હું ઉચ્ચારૂં,
હૃદયમાં ધારૂં શુદ્ધ ભાવ. ૨
ભાવહીન ભક્તિ સઘળી છે વ્યર્થ,
નવ સરે અર્થ કદી તેથી. ૩
ભાવ એજ મુખ્ય ભક્તિનું સાધન,
મિથ્યાં આરાધન ભાવવિના. ૪
જગતમાં સર્વ વળગ્યો ઉપાધિ,
વિષયનો વ્યાધિ પીડે ભારે. ૫
વૈરાગ્ય વિનાનું સાધન છે વૃથા,
સાંભળવી કથા વાર્તા વૃથા. ૬
જગતજીવોમાં એનું ધન્ય ભાગ્ય,
અંતરવૈરાગ્ય રાખે સદા. ૭
પ્રભુ મને આપો શુદ્ધ ભકિતભાવ,
કૃપાળુ સ્વભાવ છે તમારો. ૮

૪૪

સામાન્ય વિશેષ ધર્મના પ્રકાર,
પામ્યા છે વિસ્તાર વિશ્વ વિષે. ૧
વિશેષ ધર્મના મત ભિન્ન ભિન્ન,
એકનું ખંડન કરે બીજો. ૨

સૃષ્ટિમાં સામાન્ય ધર્મ સર્વ એક,
સ્વીકારે વિવેક— બુદ્ધિ તેને. ૩
સત્ય ધર્મમાં છે સત્ય ઉપદેશ,
નહિ કોથી દ્વેષ કરાવે તે. ૪
સત્ય દયા ક્ષમા અહિંસા અસ્તેય,
ઇંદ્રિયનિગ્રહ એ સુશિક્ષા. ૫
કોઈ મતથી તે નથી વિપરીત,
ઈશ્વરપ્રેરિત એ આદેશ. ૬
પ્રભુ બુદ્ધિદ્વારા કરે છે સુબોધ,
ન આવે વિરોધ કોઈ સાથે. ૭
સત્ય શુદ્ધ ધર્મ પ્રેરો પ્રાણનાથ,
રહું સદા સાથ તમારે હું ૮

૪૫

કર્તુમકર્તુમ્ અન્યથા કર્તુમ્,
તમે કલ્પદ્રુમ દયામય. ૧
તમે જે ધારો તે થાયછે નિદાન;
મિથ્યા અભિમાન કરે પ્રાણી. ૨
મનોરથ મારા જાણો સર્વ તમે,
તમને જે ગમે તેજ થાય. ૩
સંસારનું સુખ નથી નિરંતર,
સર્વ છે અસ્થિર અશાશ્વત. ૪
નથી તેનો નીમ નથી અનુક્રમ,
દીસે છે વ્યુત્ક્રમ સ્થિતિ સર્વ. ૫
પુણ્યવાન પ્રાણી દીસે બહુ દુઃખી,
જણાય છે સુખી પાપી જન. ૬
પરન્તુ ન રહે તેનું શાન્ત મન,
થાયછે પતન અંતે તેનું. ૭

પરલોકે શાન્તિ પામે પુણ્યવાન,
પ્રભુસન્નિધાન રહે સદા. ૮

૪૬

ક્ષણભંગુર આ દેહ છે અનિત્ય,
જીવતત્ત્વ નિત્ય છે અમર. ૧
તત્ત્વજ્ઞાનીયોએ કરિને વિચાર,
કીધો છે નિર્ધાર કર્મભોગ. ૨
કર્મ અનુસારે પામે જીવ ગતિ,
અહીં તેની રીતિ ન જણાય. ૩
પુણ્યશાલી પ્રાણી પામે પુણ્ય લોક,
થાય ક્લેશ શોક પાપીયોને. ૪
પરંતુ પ્રભુ છે પરમ કૃપાળ,
નહિ ચિરકાળ રાખે દુઃખી. ૫
જોઇને જીવોના ખરા અનુતાપ,
કરે માફ પાપ તેનાં સર્વે. ૬
પાપે ક્ષમા કરી પ્રભુ કૃપાવંત,
આપે છે અનંત સુખ તેને. ૭
પ્રેમલ પ્રભુને શરણે હું જાઉં,
યશ ગુણ ગાઉં તેના નિત્ય. ૮

૪૭

સ્વપ્નવત્ સકલ ધન અધિકાર,
સર્વ છે અસાર અશાશ્વત. ૧
મૂર્ખતાથી કરૂં મિથ્યા અભિમાન,
માગું બહુ માન લોકોમાં હું ૨
લોકપ્રિય થવા કરૂં વૃથા દાન,
ભૂલી જઇ ભાન અજ્ઞાનથી. ૩
પ્રભુએ આપ્યું છે સારાસારજ્ઞાન,
તથાપિ ન સાન આવે મને. ૪

ચેત મન ચેત   કર ઝટપટ,
તજ ખટપટ   પ્રપંચની. ૫
ચેતીને તું ભજ   પ્રભુ પરાત્પર,
પામે તું સત્વર   શાન્તિ સુખ. ૬
આજનું કૃત્ય તે   આજ કરી લેવું,
નહિં રે'વા દેવું   કાલપર. ૭.
મહુર્ષિજનોનાં   મંગલ વૃચન,
કરૂં હું શ્રવણ   શ્રદ્ધાથકી. ૮

૪૮

બંધન મોક્ષનુ   કારણ છે મન,
કરવો પ્રયત્ન   નિગ્રહનો. ૧
વિકારોનું બળ   ચાલે અતિશય,
કરે સર્વ લય   વિવેકનો. ૨
જેમ કર્ણધાર   કરી મદ્યપાન,
હલાવે સુકાન   વહાણનું. ૩
નવ તેને સૂઝે   જળનો પ્રભાવ,
સત્ય તેનું નાવ   ડૂબે અંતે. ૪
વિષયનિમગ્ન   રહે જેની વૃત્તિ,
અંતે અધોગતિ   થાય તેની. ૫
પરમ પ્રભુનો   એજ અનુગ્રહ,
ઇંદ્રિયનિગ્રહ   થાય પૂરો. ૬
માટે નિગ્રહનો   કરવો અભ્યાસ,
રાખિને વિશ્વાસ   ઈશ્વરનો. ૭
ઈશ્વરપ્રસાદે   યત્ન સિદ્ધ થાય,
અવરોધ જાય   દુર્વૃત્તિનો. ૮

૪૯

જ્યાંસુધી નિર્મળ   નથી થયું મન,

ભજન પૂજન છે ફોગટ. ૧
બહારના ઢોંગે જગત ઠગાય,
નહીં છેતરાય જગદીશ. ૨
અંતર બાહર રાખે છે નજર,
વિભુ વિશ્વંભર જાણે સર્વ. ૩
પવિત્ર મનથી પ્રભુને ભજાય,
સફલિત થાય આરાધના. ૪
આરાધના શુદ્ધ થાય અંગીકાર,
બાહ્ય ઉપચાર જાય વૃથા. ૫
નહિ તે માગેછે વસ્ત્ર અલંકાર,
નિત્ય નિરાકાર નિર્વિકાર. ૬
નહિ તે માગેછે ગંધ પુષ્પ ધૂપ,
નૈવેદ્ય [1]અપૂપ બલિદાન. ૭
પણ તે માગે છે અંતરનો પ્રેમ,
આપે યોગ ક્ષેમ ભક્તને તે. ૮

૫૦

વિશ્વવ્યાપી તમે સર્વત્ર રહો છો,
અર્ચન ગ્રહો છો સેવકોનાં. ૧
અખંડ અનંત સત્ય સનાતન,
કરૂં આવાહન હૃદયમાં. ૨
અંતરારાધન કરીને તમારૂં,
રાખું ચિત્ત મારૂં તારી પાસે. ૩
આપું તમને હું પ્રેમ અર્ધ્યદાન,
શુદ્ધએ વિધાન છે ભક્તિનું. ૪
સત્ય એ સમાધિ રહે સર્વ સમે,
થાય અનુક્રમે આત્મોન્નતિ. ૫

---

૧ માલપૂઆ.

એજ શુદ્ધ યોગ સાધુજન પાળે,
પ્રભુને નિહાળે સર્વ કાળે. ૬
નવ કદિ માગે સંસારિક સુખ,
પાંમે નહિ દુઃખ ત્રિવિધિનું. ૭
પરિપૂર્ણ થાય તેના શુભ કામ,
મળે પુણ્ય ધામ પરલોકે. ૮

૫૧

* અતિતીક્ષ્ણ ધારા ખંડ્ગની છે જેમ,
દુર્ઘટ છે તેમ ભવપંથ. ૧
સાવધાન રહી પગલું મૂકાય,
લક્ષ ન ચૂકાય લક્ષ્ય સ્થલે. ૨
હૃદયમાં રાખી બ્રહ્મ સન્નિધાન,
ધર્મ અનુષ્ઠાન આચરે તે ૩
સત્ય તે મહાત્મા જનમાં જણાય,
પુણ્યગતિ થાય સત્ય તેની. ૪
પ્રભુ મને આપો. વિવેક વિજ્ઞાન,
મંગલવિધાન મૂકું નહિ. ૫
નહિ કદિ ભલું મારૂં અવધાન,
એ જ કૃપાદાન માગું દેવ. ૬
સિદ્ધ થાય સર્વ મંગલ ઉદ્યોગ,
તમારો સંયોગ છૂટે નહિ. ૭
એજ છે સશાસ્ત્ર શુદ્ધ યોગાભ્યાસ,
કરવા પ્રયાસ. માગું બળ. ૮

---

* उत्तिष्ठत जाग्रत प्राप्य वरान्निबोधत
क्षुरस्य धारा निशितादुरत्यया दुर्गम्पथस्तत्कवयोवदन्ति. १४
कठवल्ली २).
સંસાર એ અસ્તરાની ધાર કરતાં પણ અતિ તીક્ષ્ણ એટલે ભયંકર છે માટે હે સજ્જનો, ઉઠો જાગૃત થાઓ.

પ૨

આવ્યું તારે દ્વાર ઉભો હું કંગાલ,
અજ્ઞાન હું બાલ પામર હું. ૧
* નવ જાણું મંત્ર નેવ જાણું તંત્ર,
સત્ય તું સ્વતંત્ર સર્વાધ્યક્ષ. ૨
ન જાણું પૂજન ન જાણું અર્ચન,
ન જાણું યજનં હવિહોમ. ૩
નવ જાણું વેદ. નવ જાણું શાસ્ત્રં,
જાણું તને માત્ર ત્રાતા મારો. ૪
જાણું એક માત્ર તારૂં શુભ નામ,
થાય પૂર્ણ કામ મારૂં સત્ય. ૫
સત્ય છે વિશ્વાસ પ્રભુ મને તારો,
નથી કોઇ મારો ધણી બીજો. ૬
તું જ મને લાડ હિતથી લડાવે,
પ્રભુ તું છોડાવે મોહપાશ. ૭
કૃપા કરી મને આપીશ આશ્રય,
એજ છે આશય મારો દેવ. ૮

પ૩

પ્રભુ હું તમારો જેવો તેવો દાસ,
કદિ ન ઉદાસ કરો મને. ૧
* નવ જાણું વેદ નવ જાણું શાસ્ત્ર,
જાણું એક માત્ર તમને હું ૨

* ચરણ ૨ જા અને ૩ જાનો અર્થ એજ અર્થનાં ઉપરના અભંગમાં આવેલાં ચરણોનો ભાવાર્થ એવો છે કે, વેદજ્ઞાન, શાસ્ત્રજ્ઞાન, તપશ્ચરણ કે તીર્થગમનથી મોક્ષ થાય એવું કેટલાક લોકો માને છે પરંતુ હું તો માત્ર તમારૂં જ નામ અને તમારા ઉપર દૃઢ વિશ્વાસ એજ મોક્ષનું સાધન જાણું છું; એ શિવાય બીજું કાંઇ જાણતો કે માનતો નથી.

નથિ કીધાં તીર્થ વ્રત ઉપવાસ,
એકજ વિશ્વાસ છે તમારો. ૩
તમારો કે'વાયો મને નહિ છોડો,
પ્રભુ નવ તોડો બિરદને. ૪
બિરદ પાળીને કરોછો પાલન,
ધોછો આશ્વાસન આશ્રિતને. ૫
આશ્રિત તમારો નહિ અથડાય,
સત્ય તેની થાય આત્મોન્નતિ. ૬
તમારો વિશ્વાસ પ્રભુ મને ભારે,
મંને કોણ તારે તમ વિના. ૭
અલ્પ મારી સેવા પ્રભુ માનિ લેશો,
દિવ્ય મતિ દેશો દયાસિંધુ. ૮

૫૪

પ્રભુ પ્રેમમય પરમદૈવત,
આપો ધર્મવ્રત તમે સત્ય ૧
આખા દિવસમા તમારાં દર્શન,
દેશો દયાધન એક વેળા. ૨
દર્શન લેઇને થાઉં હું પવિત્ર,
મંગલ ચરિત્ર કરૂં નિત્યે. ૩
પાપ વાસનાઓ ન થાય ઉદ્ભવ,
કરૂં હું ઉત્સવ અહોનિશ. ૪
તમારી ઉપેક્ષા કદિ નવ કરૂં,
તમને હું સ્મરૂં સર્વ કાર્યે. ૫
વિપત્તિ વેળાએ ધૈર્ય નવ તજું,
તમને હું ભજું ભક્તિભાવે. ૬

૫૫

મંગલ સમય કરૂં આરાધન,

થાઉં હું પાવન પાપથકી. ૧
તમે છો અમારા જીવનઆધાર,
માનું ઉપકાર વારંવાર. ૨
નથિ અન્ય કોઈ દેવ મારે સેવ્ય,
તમેજ ઉપાસ્ય છો અમારા. ૩
પાપભારવાહી વ્યાકૂલ વિહ્વલ,
જાય છે નિષ્ફલ જન્મ મારો. ૪
કયમ કરિ થાય મુક્તિ મારી નાથ,
સાહો મારો હાંથ તોજ તરૂં. ૫
તરણ ઉપાય દાખશો દયાળ,
અજ્ઞાન હું બાળ તમારો છું. ૬
તમારી ભક્તિથી ચિત્તશુદ્ધિ થાય,
સંસાર તૃરાય સહજથી. ૭
માગું વરદાન આવિને સમીપ,
કરો જ્ઞાનદીપ પ્રકાશિત. ૮

૫૬

પ્રભુ છે તમારો મંગલ મહિમા,
તમે સત્ય [1]ભૂમા શાન્તરૂપ. ૧
એક માત્ર તમે અમારા ઉપાસ્ય,
દેવ છો આરાધ્ય અર્ચનીય. ૨
અનન્યભાવથી કરૂં આરાધન,
માગું ક્ષમાપન પાતકનું. ૩
તમારા સંમુખ રહે મારૂં મન,
એજ વિજ્ઞાપન છે તમને. ૪
દઢ શ્રદ્ધાવિના સેવા સર્વ વ્યર્થ,
નવ સરે અર્થ કાંઈ તેથી. ૫

---

૧ પરમાત્મા.

અચલ વિશ્વાસ રાખી કૃપાકાન્ત,
કરવી એકાન્ત આરાધના. ૬
ચિત્તાર્દ્રતા વિના ન થાય દર્શન,
સર્વ બાહ્યાર્ચન છે નિષ્ફળ. ૭
દર્શન તમારાં પરમ દુર્લભ,
તમારા વલ્લભ ભક્ત પામે. ૮

૫૭

પ્રભુ હું તમારો મને ન વિસારો,
ભવજલ તારો ભગવંત. ૧
તમે અનાદ્યંત તમે નિર્વિકાર,
મહિમા અપાર છે તમારો. ૨
પ્રભુ મન મારૂં મલિન અશુદ્ધ,
પાતકથી બદ્ધ પામર હું ૩
નામ સ્મરણુથી ચિત્ત શુદ્ધ થાય,
સત્ય એ ઉપાય કે'છે શાસ્ત્ર. ૪
કૃપા કરી મારે હૃદયે પધારો,
અર્પું ઉપહારો પ્રેમના હું. ૫
પ્રેમ વિના સર્વ શુષ્ક છે પૂજન,
ભજન કીર્તન છે નિષ્ફળ. ૬
પ્રભુ પરાભક્તિ એજ છે અર્ચન,
એજ છે પૂજન સર્વોત્તમ. ૭
ભક્તિજળથી જો હૃદય ભરાય,
પ્રભુને મળાય નિઃસંદેહ. ૮

૫૮

ખરેખરી મને પતીજ તમારી,
મુકશો વિસારી નહિ મને. ૧
કૃપામૃતપાન કરૂં હું તમારૂં,

ધન્ય ભાગ્ય મારૂં માનું ત્યારે. ૨
ક્યારે થશે મારા ભાગ્યનો ઉદય,
ક્યારે થશે લય દુરિતનો. ૩
કરૂં છું તમારા નામનું સ્મરણ,
છોડું ન ચરણ તમારૂં હું. ૪
નામસ્મરણથી પાપ સર્વ ટળે,
ધર્મ જ્ઞાન મળે શુદ્ધ મને. ૫
પ્રેમભક્તિ ભાવે પ્રભુ પાય લાગુ,
વરદાન માગું માતતાત. ૬
માતતાત જાણો મારી મનોવૃત્તિ,
પામું હું નિવૃત્તિ પ્રપંચથી. ૭
કરૂં જ્ઞાનતીર્થે અભ્યુદય સ્નાન,
પામું દિવ્યસ્થાન પરલોકે. ૮

૫૯

અજ્ઞાનતિમિર હૃદયમાં વ્યાપ્ત,
કેમ થાય પ્રાપ્ત પ્રભુ પ્રેમ ? ૧
અંધ થઇને હું દુષ્ટ પંથે ચાલું,
લાગે સુખ વ્હાલું ઇંદ્રિયોનું. ૨
પશુતુલ્ય મારૂં કરૂં છું જીવન,
થાય છે વહન મિથ્યા કાળ. ૩
તથાપિ તમે છો ઉદાર કૃપાળ,
કરો પ્રતિપાળ સર્વ કાળ. ૪
તમારી કૃપાનો રાખું છું વિશ્વાસ,
કરશો પ્રકાશ જ્ઞાનજ્યોતિ. ૫
દર્શન લેવાને થાઉં અધિકારી,
કૃપા જો તમારી થાય નાથ. ૬

*ભક્ત જન તારો તેમાં શી નવાઇ,
પણ પ્રભુતાઇ ત્યારે ખરી;
પતિત પ્રાણીનો તમે વિશ્વનાથ,
ગ્રહિ તેનો હાથ તારો જ્યારે. ૮

૬૦

મને લાજ લાગે મુખ બતાવતાં,
સન્નિધ આવતાં પામું ગ્લાનિ. ૧
દુરિત કૃતિમાં થયો છું નિમગ્ન,
કુટિલ કૃતઘ્ન કર્મભ્રષ્ટ. ૨
મારી ગતિ મને પ્રભુ નવ સૂઝે,
કાયા મારી ધ્રૂજે થરથર. ૩
સેવા કીધા વિના માગું છું હું દામ,
રાખી સાચી હામ તમારી હું ૪
મોટા મહર્ષિયો મોટા હરિભક્ત,
થયા છે વિરક્ત સંસારથી. ૫
એવી *આંગમણું નથી દેવ મને,
કહું છું તમને સાચી વાત. ૬
તમારો છે સ્વામિ દયાળુ સ્વભાવ,
કરશો નિભાવ મારો નાથ. ૭
તમારી દયાનો રાખિને વિશ્વાસ,
કરૂં છું નિવાસ જગતમાં. ૮

ઇશ્વર ઉપર, ખરા પ્રેમવાળા ભકતનો ઉદ્ગાર કેવો થાય છે તે ચરણ ૭ અને ૮ માં જણાય છે. એ યુગ્મકનો ભાવાર્થ એમ છે કે ભક્તિમાં જે આગળ વધ્યા છે તેમને તો તમે તારોછોજ પરંતુ જે પતિત છે તેગના ઉપર ઉપકાર કરી ભક્તિમાર્ગમાં લાવો એજ તમારી પ્રભુતા.

* આંગમણુ=આંગળબળ.

૬૧

અકળ તમારી કળા ન કળાય,
પ્રભુ લાગું પાય તમને હું. ૧
અમાપ તમે છો પાર ન પમાય,
પ્રભુ લાગું પાય તમને હું. ૨
અરૂપ તમારૂં રૂપ ન જણાય,
પ્રભુ લાગું પાય તમને હું. ૩
અતકર્ય ઐશ્વર્ય ગતિ નવ જાય,
પ્રભુ લાગું પાય તમને હું ૪
અનાદિ અગમ્ય ગુણ શું ગવાય,
પ્રભુ લાગું પાય તમને હું ૫
અનુપમ તમે તર્ક નવ થાય,
પ્રભુ લાગું પાય તમને હું ૬
સર્વ કાળ મારે રહેશો સહાય,
પ્રભુ લાગું પાય તમને હું. ૭
તમારી કૃપાથી પાપ સર્વ જાય,
પ્રભુ લાગું પાય તમને હું. ૮

૬૨

જગતમાં જન્મી જાણ્યો ન નિયંતા,
ઓળખ્યો ન પિતા પોતાનો જે. ૧
સાર્થક્ય શું થાય એવા જીવનથી,
એવા જીવ નથી મુક્તિપાત્ર. ૨
જણાય છે તેને સર્વ દિશા શૂન્ય,
નવ પામે પુણ્ય- લોક કદિ. ૩
પ્રભુ સાથે સાચી રાખશે જે પ્રીતિ,
તેને નથિ ભીતિ યાતનાની. ૪
નાસ્તિક જનોનો જન્મ પશુતુલ્ય,

ખુવે છે અમૂલ્ય   આયુષ્યને.   ૫
પ્રભુ નવ દેશો   નાસ્તિકનો સંગ,
જેથી થાય ભંગ   આશા મારી.   ૬
આસ્તિકજનોનું   ધન્ય છે જીવન,
નવ ચળે મન   ઈશ્વરથી.   ૭
ઈશ્વરપ્રસાદ   તેને પ્રાપ્ત થાય,
આત્મા તેનો જાય   પુણ્ય ધામે.   ૮

૬૩

શક્તિહીન પ્રાણી   અશક્ત અનાથ,
નમું વિશ્વનાથ   જોડી હાથ.   ૧
તમારો મહિમા   જગતવિખ્યાત,
નમું વિશ્વનાથ   જોડી હાથ.   ૨
તમે છો અમારા   માત તાત ભ્રાત,
નમું વિશ્વનાથ   જોડી હાથ.   ૩
સર્વ સ્થિતિ મારી   તમારેજ હાથ,
નમું વિશ્વનાથ   જોડી હાથ.   ૪
અમૂર્ત અખંડ   અનંત અજાત,
નમું વિશ્વનાથ   જોડી હાથ.   ૫
તમે જાણો મારા   અંતરની વાત,
નમું વિશ્વનાથ   જોડી હાથ.   ૬
તમારે ચરણે   નમું સાયંપ્રાત,
નમું વિશ્વનાથ   જોડી હાથ.   ૭
સદા મને આપો   સાધુજનસાથ,
નમું વિશ્વનાથ   જોડી હાથ.   ૮

૬૪

વિશ્વાસ વિનાની   સેવા સર્વ વૃથા,
સાંભળવી કથા   વાર્તા વૃથા.   ૧

વિશ્વાસ વિનાનું વ્યર્થ છે યજન,
દાંભિક ભજન તે છે સર્વ. ૨
વિશ્વાસ વિનાનું બાહ્ય આડંબર,
જપે હરિ હર મંત્ર મિથ્યા. ૩
વિશ્વાસ વિનાનું મિથ્યા તપ વ્રત,
મિથ્યા સર્વ જપ નીમ સર્વ. ૪
દૃઢ ભાવનાથી ભજે ભગવાન,
કરે અનુષ્ઠાન સત્કર્મનું. ૫
તેને પ્રભુ રાખી પોતાને સમીપ,
કરે તેનો જ્ઞાન- દીપ દીપ્ત. ૬.
ધન્ય ભાગ્ય તેનું મળે સત્ય જ્ઞાન,
પરમ કલ્યાણ થાય તેનું. ૭
પ્રેમસિંહ મને દેશો દિવ્ય જ્ઞાન,
કરો ભગવાન ભાગ્યવાન. ૮

૬૫

શાસ્ત્રના વિધિયે ચાર છે આશ્રમ,
પાળે યથાક્રમ સત્પુરૂષો. ૧
વીસ વર્ષ સુધી બ્રહ્મચર્ય પાળે,
નિયમથી ચાલે સ્નાતક તે. ૨
પછી યથાવિધિ કરીને વિવાહ,
ચલાવે નિર્વાહ ધર્મયુક્ત. ૩
ઉત્તરાવસ્થામાં વાનપ્રસ્થાશ્રમ,
ધરિ પાળે ધર્મ યથાશાસ્ત્ર. ૪
અભ્યાસથી ગ્રહે અંતર સંન્યાસ,
તજે તે વિલાસ વિષયોના. ૫
નહિ તે બદલે બાહરનો વેશ,
અંતર પ્રદેશ રાખે શુદ્ધ. ૬

શુદ્ધ ચિત્તથકી ભજે ભગવાન,
તજે અભિમાન મિથ્યા સર્વ.
એવા વિરક્તોને મળે બહુ માન,
પામે ઉચ્ચસ્થાન મરલોકે. ૮

૬૨

વર્ણાવર્ણનું છે વૃથા અભિમાન,
સર્વ છે સમાન પ્રભુપાસે. ૧
મનુષ્ય જાતિમાં નથી કાંઈ ભેદ,
વદે એમ વેદ શાસ્ત્ર વાણી. ૨
ઈર્ષ્યાગર્વથકી થઇ ભિન્ન જાતિ,
ગઇ સર્વ ખ્યાતિ દેશતણી. ૩
આર્યજન હતા સર્વથકી ઉચ્ચ,
થયા હવે નીચ ભાગ્યહીન. ૪
દુષ્ટ જાતિભેદ પામે જ્યારે નાશ,
ધર્મનો પ્રકાશ થશે ત્યારે. ૫
ધર્મવિના નહિ થાય ભાગ્યોદય,
નહિ થાય જય ઉદ્યોગમાં. ૬
દેશકલ્યાણનો એકજ ઉપાય,
સર્વ એક થાય જાતિ ધર્મ. ૭
એજ અભિલાષા રાખે પુણ્યવાન,
માગે વરદાન પ્રભુપાસે. ૮

૬૩

જુવો જોતાં જોતાં કાળ વેગે જાય,
ઘડિયો ગણાય પ્રયાણની. ૧
પ્રભુની સેવાનો સંધિ નવ ખોશો,
સર્વકાળ રે'શો તેની સાથે. ૨
એકજ પિતાનાં સર્વ છે સંતાન,

સર્વેને સમાન જાણો તમે. ૩
દુર્ભાગ્યથી થયા જાતિતણા ભેદ,
પામ્યો છે ઉચ્છેદ ભ્રાતૃભાવ. ૪
ભિન્નભાવનાથી દૈવકોપ થાય,
પ્રભુ દૂર જાય તે પ્રાણીથી. ૫
અહીં તમે કરો સ્નેહઉપયોગ,
પછી ક્યાંથી યોગ આવે એવો. ૬
અવસર વીત્યો ફરિ નહિ આવે,
ચાલો સ્નેહભાવે સર્વ સાથે. ૭
હળિ મળિ રે'વું સુખ દુઃખ સે'વું,
કદિ નહિ કે'વું કટુ વાક્ય. ૮

૬૪

પરમ પિતાએ કીધી સર્વ સૃષ્ટિ,
રાખી સમદૃષ્ટિ પ્રજાપ્રત્યે. ૧
પૂર્વે આવા ન્હોતા જાતિજ્ઞાંતિભેદ,
થયો છે ઉચ્છેદ અજ્ઞાનથી. ૨
મનુષ્યની જાતિ સર્વ કિધી એક,
એજ છે વિવેક વિશ્વેશનો. ૩
દંભ અભિમાને થઇ જાતિ ભિન્ન,
કીધો છે ઉચ્છિન્ન આર્યદેશ. ૪
કર્મ અનુસારે મુખ્ય ચ્યાર વર્ણ,
કીધા છે વિવર્ણ શાસ્ત્રકારે. ૫
પરસ્પર હતો સર્વ વ્યવહાર,
આચારાનુસાર યથાયુક્ત. ૬
દુર્દૈવથી થયો દુષ્ટ જાતિભેદ,
પામે ચિત્ત ખેદ જ્ઞાનીયોનું. ૭

કરે પ્રભુ જ્યારે 'કરૂણાની દ્દષ્ટિ,
ચાલે સર્વ સૃષ્ટિ સુસંપથી. ૮

૬૫

વિપ્ર ધર્મભ્રષ્ટ બની વૃથા 'પુષ્ટ,
કરે કર્મ દુષ્ટ નિંદ્ય ઘણાં. ૧
નવ જાણે વેદ નવ જાણે કર્મ,
નવ જાણે ધર્મ શાસ્ત્રમાં તે. ૨
નામધારી દ્વિજ જન સમુદાય,
ફોગટનું ખાય શ્રમવિના. ૩
સ્વધર્મ છોડીને અન્ય ધર્મઠગ,
છેતરાય જગ તેના ઢોંગે. ૪
શ્રાદ્ધને દિવસે બેસે પિતૃસ્થાન,
માને યજમાન તેને દેવ. ૫
એવો પિતૃયજ્ઞ નીતિથી વિરૂદ્ધ,
કરેછે નિષિદ્ધ સુજ્ઞ જનો. ૬
લોક છે અજ્ઞાન કરે વૃથા દાન,
આપે અન્નપાન કુપાત્રને. ૭
અરે પ્રભુ મારા હવે થઇ સીમા,
કરો તમે ક્ષમા લાવી દયા. ૮

૬૬

માનો કે ન માનો સુણો કે ન સુણો,
પરિતાપ ઘણો થાયમને. ૧
નથિ મારે તેમાં કાંઇ નિજ સ્વાર્થ,
કહુંછું યથાર્થ જે લાગે તે. ૨
ભટોએ બગાડયા ઈશ્વરના ગુણ,
આરોપ્યા દુર્ગુણ સર્વ તેમાં. ૩
પોતે દેવ બની લેછે બહુ દાન,

ખાયછે મિષ્ટાન્ન લજ્જા મૂકી. ૪
બ્રાહ્મ રાક્ષસોએ ચૂસ્યું છે રૂધિર,
રહ્યું નથી નીર મનુષ્યમાં. ૫
રૂડાં કાર્ય-વેળા એજ આવે આડે,
કદી નહી કાઢે ખાડામાંથી. ૬
એવા રાક્ષસોનો સંગ છૂટે જ્યારે,
થશે સત્ય ત્યારે દેશોન્નતિ. ૭
માટે મિત્રજનો સુણીને વિનતિ,
વિચારો ઉન્નતિ આદેશની. ૮

૬૭

પૂર્વના ઋષિનાં અમૃત વચન,
કર્યાં ઉલ્લંઘન નીચલોકે. ૧
કુષ્ટગ્રન્થ રચી લોકોને ભમાવ્યા,
પોતાને પૂજાવ્યા બની દેવ. ૨
હુવ્યનું ખાનારા કુવ્યનું ખાનારા,
ધૂર્તછે ધુતારા ધર્મહીન. ૩
વિપ્ર નામધારી દુષ્ટ અનાચારી,
કીધા છે ભીખારી દેશીઓને. ૪
નથી દેશદાઝ નથી તેને લાજ,
ખરા દગલબાજ લોકદ્વેષી. ૫
તેમનું જીવન સર્વ ખાવા માટે,
પ્રેત બની ચાટે શ્રાદ્ધક્ષીર. ૬
દયાહીન દુષ્ટ તરૂણનું ખાય,
તોય ન ધરાય ખાવાથકી. ૭
પરાન્ન ભોજને થઇ હૃષ્ટપુષ્ટ,
કરે અતિ દુષ્ટ આચરણ. ૮

૬૮

માત્ર જાતિમુખ્ય માની મૂર્ખજન,
કરેછે પૂજન બ્રાહ્મણનું ૧
પણ દોષ નથી અજ્ઞાની જનોનો,
પૂજેછે બ્રાહ્મણો શાણાલોક. ૨
ન્યાયમાં નિપુણ સમજમાં પૂર્ણ,
બીજા સારા ગુણ હોય તેમાં. ૩
ચલાવે વિવેકે સંસાર વ્યવહાર,
કરેછે વિચાર પૂર્વાપર; ૪
પણ ધર્મકાર્યે કરે ન વિચાર,
ચલાવે આચાર અંધ થઇ. ૫
મૂર્ખ બ્રાહ્મણોનું કહ્યું તે કરેછે,
દાસ બની રે'છે તેના સર્વ. ૬
ચતુર અને શાણા જ્યારે તેમ ચાલે,
નહિં કોઈ કાળે થાય હિત. ૭

૬૯

દેશહિત જેના હાથથી ન થયું,
આવ્યા તેવા જાય ખાલી હાથે. ૧
જેને કાંઇ નથી સ્વદેશાભિમાન,
* ફોગટ છે દાન પુણ્ય તેનું. ૨
લાલચુ વિપ્રોને નથી કાંઇ લાજ,
માત્ર તેનું કાજ સાધી લેછે. ૩
જહાં સુધી મળે તેને દ્રવ્યધન,
મિષ્ટાન્ન ભોજન મળે તેને; ૪
ત્યહાં સુધી કરે દાતાનાં વખાણ,

---

* । देयमार्त्तस्य शयनं परिश्रान्तस्यचासनं । तृषितस्यंचपानीयंक्षुधितस्यच भोजनं ॥ ७

આપે તેને માન દેવતુલ્ય; ૫
બનાવે છે તેને ઈશ્વરાવતાર,
ન કરે વિચાર આચારનો. ૬
પરંતુ નમળે તેને દ્રવ્યધન,
તત્કાલજ મન ફરે તેનું. ૭
લાજ તજી કરે નિંદાનો ઉચ્ચાર,
સર્વ ઉપકાર ભૂલી જાય. ૮

૭૦

દાનનું માહાત્મ્ય વખાણ્યું છે શાસ્ત્રે,
પણ તે સત્પાત્રે અપાય જો. ૧
જેના કુટુંબમાં દાન નવ થાય,
વૃથા સર્વ જાય તેનો જન્મ. ૨
દાનથકી દેવ થાય છે પ્રસન્ન,
અર્ચન યજન સ્વીકારે તે. ૩
વિદ્યા ધન અન્ન ઔષધનું દાન,
કહ્યું છે મહાન પુણ્ય તેનું. ૪
ઈશ્વરે આપ્યું જો દાન દેવા દ્રવ્ય,
કરો સારો વ્યય તેનો તમે. ૫
સર્વ પ્રાણીઓને ગણિને સમાન,
યથા યોગ્ય દાન દેવું તેને. ૬
કુપાત્રને આપ્યે લાગે પ્રત્યવાય,
ઈશ્વર કોપાય વૃથાદાને. ૭
સ્મૃતિકાર કરે સ્મૃતિમાં પોકાર,
કરે ન વિચાર તેનો કોઇ. ૮

૭૧

સાંપ્રત પ્રચાર ચાલે વિપરીત,
કરે અનુચિત કર્મ લોક. ૧

વિદ્યાધર્મહીન વિપ્ર નામધારી,
દુષ્ટ અનાચારી ધર્મભ્રષ્ટ. ૨
મૂર્ખજન આપે તેને બહુદાન;
મેળવવા માન અજ્ઞાનીમાં. ૩
ઈશ્વરે જે આપ્યું ધન દ્રવ્ય વિત્ત,
કરવો વિહિત ઉપયોગ. ૪
અવિહિત દાન વૃથા સર્વ જાય,
નર્કવાસ થાય તે દાતાનો. ૫
આળસુ જનોનું વધેછે આલસ્ય,
ધૂતેછે સર્વસ્વ ધન વિપ્ર. ૬
તથાપિ લોકોમાં કીર્તિલાભ લેવા,
ચૂકે સત્ય સેવા ઈશ્વરની. ૭
સમજુ અસમજુ એક માર્ગે જાય,
ધૂળધાણી થાય તેનું દ્રવ્ય. ૮

૭૨

ભૂત દયા મુખ્ય ધર્મનું છે મૂળ,
કહ્યું છે અતુલ્ય પુણ્ય તેનું. ૧
સર્વ પુણ્યમાં છે અહિંસા પ્રધાન,
ધર્મનું વિમાન છે ઉત્તમ. ૨
પરન્તુ થયોછે ધર્મવ્યભિચાર,
અતિ દુરાચાર વ્યાપ્યો દેશે. ૩
જાતિ અભિમાન બહુ વધી ગયું,
અકલ્યાણ થયું દેશીઓનું. ૪
પરસ્પર વધ્યું સ્વમતાભિમાન,
નષ્ટ થયું જ્ઞાન દુર્ભાગ્યથી. ૫
કહેવાતા જે આર્ય થયા છે અનાર્ય,
દાંભિક આચાર્ય થયા ઘણા. ૬

મૂર્ખ લોકો તેને આપે બહુ માન,
જમાડે મિષ્ટાન્ન આળસુને. ૭
દયાહીન, કીધા સર્વ આર્યદેશ,
વધાર્યો છે દ્વેષ દુર્જનોએ. ૮

૭૩

નથિ મારે કિંચિત્ કોઈ સાથે દ્વેષ,
પણ થાય ક્લેશ અધર્મથી. ૧
દુષ્ટ ધર્માચાર્યો બગાડે છે લોક,
થાય બહુ શોક જ્ઞાનીયોને. ૨
અબળા સ્ત્રિયોને બતાવે અનીતિ,
બગાડે છે રીતિ સર્વ તેની. ૩
પ્રતિવ્રતાધર્મ કરાવે છે ભંગ,
દુર્જનનો સંગ કહું સત્ય. ૪
કોઈ ન કરશો કે'વા થકી કોપ,
કર્યો ધર્મલોપ દુર્જનોએ. ૫
દેશ દુઃખી જોઇ આવે છે રૂદન,
હવે તો સહન થતું નથી. ૬
દેશમાં થયો છે અધર્મ અપાર,
હવે નહિ વાર કરો પ્રભુ. ૭
દયા લાવી દેવ બતાવો સ્વધર્મ,
સર્વ શુભ કર્મ ગયા ભૂલી. ૮

૭૪

[1]અનુગમનનુ કરીને વખાણ,
વાળીનાંખ્યોખાણ વિધવાનો. ૧
હિંસક નિર્દય અતિશય ક્રૂર,
નિંદિત નિષ્ઠુર ઘોર કર્મ. ૨

---

૧. પતિ મરે તેની પાછળ જવું તે-સતી થવું.

પુરાણે વર્ણવ્યું તેને પુણ્યકર્મ,
સ્ત્રીયોનો સ્વધર્મ કહ્યો તેમાં. ૩
દઢ કર્યો તેના ચિત્તમાં વિશ્વાસ,
સ્વર્ગમાં નિવાસ ભર્તા સાથે. ૪
એવાં ખોટાં વાક્ય શાસ્ત્રનાં બનાવી,
સ્ત્રીયોને ફસાવી વેહેમજાળે. ૫
પાતકી જનોએ રચિને પુરાણ,
લેઈ લીધા પ્રાણ સ્ત્રીવર્ગના. ૬
વૈદિક ઋષિયે કીધો પ્રતિબંધ,
પણ તે નિબંધ તોડયો સર્વ. ૭
અબલા સ્ત્રિયોનો બેલી નહિ કોઇ,
પ્રભુ સામુ જોઇ લાવ્યા દયા. ૮
પુણ્યશાલી રાજ્ય બ્રીટીશનું થયું,
પાતક એ ગયું રાષ્ટ્રમાંથી. ૯

૭૫

પુણ્યપ્રાણી થયાં દેશમાં ઉત્પન્ન,
શ્રી રામમોહન રાય રાજા. ૧
દયાલુ રાજાએ લીધો પરિશ્રમ,
અટકાવ્યું કર્મ મહાઘોર. ૨
અક્ષય અમર મુકિ ગયા નામ,
સીધાવ્યા સ્વધામ એ પુણ્યાત્મા. ૩
ખરેખરી તેણે કીધી દેશસેવા,
નથિ એના જેવા થયા કોઇ. ૪
ધન્ય તેનો જન્મ ધન્ય તેનાં કર્મ,
પ્રચારયો સ્વધર્મ આર્યદેશે. ૫
એવા પુણ્યશાલી થશે કોઇ જ્યારે,
સુખ થશે ત્યારે સ્ત્રીવર્ગને. ૬

હશે જેની વૃત્તિ ધર્મપરાયણ,
દુઃખ નિવારણ કરશે તે. ૭
વહુઓ ધર્માંધ રૂઢિના છે દાસ,
આપે બહુ ત્રાસ અબળાને. ૮
દેવ છે તમારો દયાલુ સ્વભાવ,
કરો પ્રાદુર્ભાવ ધર્માત્માનો. ૯

૭૬

વિધવા સ્ત્રીયોને પીડછે અપાર,
કરેછે ધિક્કાર તેનો લોક. ૧
નહિ તેને આગે પુરૂં અન્નપાન,
પશુની સમાન ગણે તેને. ૨
તરૂણ સ્ત્રીયોને કઢાવેછે કેશ,
બદલાવે વેશ બલાત્કારે. ૩
કેશવપનનાં વિરૂદ્ધ વચન,
કીધાં છે કથન સ્મૃતિ શાસ્ત્રે. ૪
તથાપિ છે લોકો રૂઢિને આધીન,
દુઃખ દેછે દીન અબળાને. ૫
ઈશ્વરે આપેલું સુંદર સ્વરૂપ,
બગાડી કુરૂપ કરે તેનું. ૬
સગાં મિત્ર તેનાં જોઇને વદન,
કરેછે રૂદન આક્રોશથી. ૭
દોહલી એ વેળા ન થાય સહન,
ધ્રૂજી જાય તન મન તેનું. ૮

૭૭

આવી વિપત્તિમાં ભિક્ષુક નિર્દય,
મનમાં ન ભય રાખે કાંઈ. ૧
કુટુમ્બની સ્ત્રીયો કરેછે રૂદન,

ભિક્ષુક દુર્જન આવા બેસે. ૨
નિર્લજ્જ નફટ નવ પામે ત્રાસ,
મોદકના ગ્રાસ મૂકે મુખે. ૩
એવા નિર્દયને સંગે નહિ જવું,
સદાકાળ રહેવું દૂર તેથી. ૪
એવા નિર્લજ્જને જમાડે મિષ્ટાન્ન,
કેવું આ અજ્ઞાન છે લોકોનું. ૫
પરઅન્ન ખાઇને બને છે ઉન્મત્ત,
નહિ થાય તૃપ્ત તૃષ્ણા તેની. ૬
તરૂણ ન મૂકે વૃદ્ધનો ન મૂકે,
કદી નહિ ચૂકે જમવાનું. ૭
એવા દુર્જનોયે લૂંટી લેઈ ધન,
કીધો છે નિર્ધન આર્યદેશ. ૮

૭૮

પ્રશાન્ત મનથી પ્રભુને આરાધે,
યોગ શુદ્ધ સાધે સાધુજન. ૧
એકાન્ત સ્થળમાં ધરે પ્રભુ ધ્યાન,
રાખિને સમાન મનોવૃત્તિ. ૨
* વ્રતસ્થ રહીને કરે શુભ કર્મ,
પાળે સત્ય ધર્મ, નીમ સર્વે. ૩
યુક્ત છે આહાર યુક્ત છે વિહાર,
યુક્ત વ્યવહાર રાખે સદા. ૪
નહિ કષ્ટકારી કરે ઉપોષણ,
શરીર શોષણ થાય તેથી. ૫
પ્રેમભાવ રાખી પરબ્રહ્મ ભજે,

* सत्यमेवव्रतंयस्यदयादीनेषुस र्वदा । कामक्रोधौ वशौयस्यतेनलोकत्रयंजितं ॥ २

તુચ્છ ભોગ તજે   વિષયોના. ૬
ધર્મવચનોને   કદિ ન ઉલ્લંઘે,
રહિ પ્રભુ સંગે   સર્વ કાળ. ૭
એવા મહાત્માનો   આપો સહવાસ,
રાખુંછું વિશ્વાસ   વિશ્વનાથ. ૮

૭૯

* પુણ્યશાલિ પ્રાણિ   ક્ષમા જેને અંગ,
થાય નહિ ભંગ.   સત્યજેનું. ૧
ન વદે કદાપિ   અસત્ય વચન,
જાય દ્રવ્ય ધન   જો સર્વસ્વ. ૨
સત્ય ધર્મ અર્થે   જાય જો સંપત્તિ,
ભોગવે વિપત્તિ   પ્રાણાંતની. ૩
તદપિ ન છોડે   નિજ ધર્મ સત્ય,
કદિ ન અસત્ય,   બોલે વાણિ. ૪
અંતરે બાહર   સરખું નિર્મળ,
હૃદય કોમળ   રહે જેનું. ૫
દેવિ, જીવ એવા   વિરલાજ ભાસે,
કદિ નવ ત્રાસે   સંકટથી. ૬
ધન્ય એવા દેવી   જીવનું જીવન,
સત્યનું સેવન   સદા કરે. ૭
એવા સજ્જનનો   સંગ નવ છોડું,
વ્રત નવ તોડું   સત્યનું હું. ૮
મુક્તિએ જવાનો   સરલ એ પંથ,
વદે શ્રુતિ ગ્રંથ   વાક્ય સત્ય. ૯
સદા સતસંગ   પ્રભુ મને આપો,
કૃપા કરિ કાપો   પાપ તાપ. ૧૦

---

* । अद्भिर्गात्राणिशुध्यन्तिमनःसत्येनशुध्यति । विद्या-
तपोभ्यां भूतात्माबुद्धिर्ज्ञानेनशुद्ध्यति । ७

૮૦

નહિં ગંગાસ્નાને . નહિં જલપાને,
નહિં વ્રતદાને પાપ જાય. ૧
મનમલિનતા શુદ્ધ કીધા વિના,
ધ્યાન ઉપાસના સર્વ વૃથા. ૨
વૃથા સર્વ તીર્થ વૃથા સર્વ તપ,
વૃથા સર્વ જપ કર્મ વૃથા. ૩
વૃથા છે યજન વૃથા છે હુવન,
વૃથા છે પૂજન આરાધન. ૪
શુભ આચરણ સત્યનું પાલન,
મુક્તિનું સાધન સત્ય એજ. ૫
પ્રેરો શુભમતિ સત્યધર્મનીતિ,
બંધુજનપ્રીતિ મને નાથ. ૬
પામર હું પ્રાણી જોડું બેઉ પાણી,
વંદુ દીન વાણિ હરો વિધ્ન. ૭
અમૃત ફળની ... રાખું અભિલાષા,
પુરો મારી આશા કૃપાધન. ૮

૮૧

ધન્ય દેવ સત્ય સત્ય નીમ ધારો,
કરી ઉપકારો પ્રજા પાળો. ૧
સૃષ્ટિ રચનામાં યોજના તમારી,
અતિ ઉપકારી ભાસે સત્ય. ૨
ગહન અગમ્ય શકિત છે તમારી,
મતિ નહિં મારી ચાલે કાંઇ. ૩
ઋષિ મુનિ સર્વ વદ્યા વેદ શ્રુતિ,
તદપિ ન ગતિ પામ્યા પુરિ. ૪
અવંધિ બુદ્ધિની બાંધી પ્રભુ તમે,

તેમાં રહિ અમે આચરિયે. ૫
તમારૂં વિચાર્યું કદિ નવ ફરે,
અર્થ નહિં સરે કૃપા વિના. ૬
પરમ પ્રભુને પાય નિત્ય લાગું,
પાપ ક્ષમા માગું મહારાજ. ૭
ભક્તિતીર્થ નાહું પવિત્ર હું થાઉં,
ચરણે વધાવું પ્રેમાક્ષત. ૮

૮૨

જ્યહાંનહિં ભાસે રવિ શશી જ્યોતિ,
વિદ્યુતનો દ્યોતિ ન પ્રકાસે. ૧
ત્યહાં પરબ્રહ્મ મહાપુણ્યરાશિ,
રહેછે પ્રકાશી સ્વસત્તાથી. ૨
ઇચ્છાથી સ્રજાવી જેણે સર્વ સૃષ્ટિ,
જેની પ્રેમદૃષ્ટિ છે સદૈવ. ૩
એવા પરબ્રહ્મ પ્રભું છો મંગલ,
કરશો સફલ શુભ કાર્ય. ૪
શુદ્ધ ભાવે રાખી કરિયે વંદન,
આપશો દર્શન દયાધન. ૫
જ્ઞાનરૂપી હૃદે ભક્તિજળે સ્નાન,
ઉત્તમ વિધાન ઇચ્છુ હિત. ૬
એવા પુણ્યતીર્થે કરી અમે સ્નાન,
બ્રહ્મસ્તુતિ ગાન આરંભીયે. ૭
ઇશ્વિરપ્રસાદે થઇએ કૃતાર્થ,
સર્વ પુરુષાર્થ થાય પૂર્ણ. ૮

૮૩

પ્રભુ પરમેશ પરમ કૃપાળ,
કરો પ્રતિપાળ મારૂં તમે.

નથી આ સંસારે વાસ ચિરકાલ,
સત્ય ભાવિકાળ જીવનો છે. ૨
પ્રભુ મને આપો સદા સતસંગ,
કરૂં નહિ ભંગ નીતિ ધર્મ. ૩
અતિ હું સંતપ્ત પાપપરિતાપે,
શાન્તિ કોણ આપે પ્રભુ વિના. ૪
સત્ય ધર્મમાર્ગ પ્રેરો પ્રાણનાથ,
તમારે જ હાથ છે સર્વસ્વ. ૫
અતિ વિનયથી વિનતિ કરૂં છું,
હૃદયે ધરૂં છું રૂડું ધ્યાન. ૬
શ્રદ્ધારૂપિ ગંધ ભક્તિપુષ્પમાલ,
અર્પું સર્વ કાળ તમને હું ૭
અર્ચન અમારૂં પ્રભુ માનિ લેશો,
દિવ્યમતિ દેશો દયાધન. ૮

૮૪

ભસ્મધારણથી શુદ્ધ ન થવાય,
પાપ ન ધોવાય તીર્થસ્નાને. ૧
વ્રતોપવાસથી વૃત્તિ ન સુધરે,
કાર્ય નવ સરે કાયા કષ્ટે. ૨
બ્રહ્મભોજનથી[1] બ્રહ્મ ન પમાય,
વ્યર્થ સર્વ જાય દ્રવ્યવ્યય. ૩
ધૂર્ત બ્રાહ્મણોયે ધુતવાને લોક,
રચ્યા થોકેથોક માહાત્મ્યના. ૪
ખોટાં ફલ કહી સાધ્યો નિજ સ્વાર્થ,
નહિં પરમાર્થ કહ્યો સત્ય. ૫
મૂર્ખ અજ્ઞાનીને કુમાર્ગે ચઢાવ્યા,

---

૧. બ્રાહ્મણ જમાડવાથી.

ભ્રાન્તિમાં ભમાવ્યા ભિક્ષુકોએ. ૬
ભિક્ષુકોએ કીધો આર્યધર્મ ભ્રષ્ટ,
આપે બહુ કષ્ટ અજ્ઞાનીને. ૭

૮૫.

ઘરબાર છોડી જાય વનવાસ,
આપિ અતિ ત્રાસ કુટુંબીને. ૧
સાધુ બનવાને, બદલે છે વેશ,
નહિં એ ઉદ્દેશ ઈશ્વરનો. ૨
હસ્ત પાદાદિનાં મળ્યાં છે સાધન;
જીવનોપાર્જન કરવાને. ૩
સાચા સાધુજન ન તજે સંસાર,
કરે વ્યવહાર યથાશાસ્ત્ર. ૪
વિહિત વિધિથી ભોગવિને ભોગ,
કરેછે ઉદ્યોગ સત્કર્મનો. ૫
પરમ પ્રભુનાં પાળિને વિધાન,
કરેછે કલ્યાણ લોકનું તે. ૬
ધન્ય એવા સાધુ પુરૂષનો જન્મ,
કરે શુભકર્મ નિષ્કામથી. ૭
પ્રભુ મને પ્રેરે એવાં શુભકર્મ,
ન ધરૂં અધર્મ પંથે પાદ. ૮

૮૬

દંડધારણથી દોષ નવ જાય,
મન ન રંગાય વસ્ત્રરંગે. ૧
જ્યારે લાગે સાચી ભક્તિરૂપિ રંગ,
અંતર ઉમંગ વધે ત્યારે. ૨
ઉમંગ વિનાનો બહારનો સોંગ,
જાણો સર્વ ઢોંગ સન્યાસનો. ૩

સદા જેની વૃત્તિ રહેછે ચંચળ,
ન થાય નિર્મળ. મન તન. ૪
ત્યાગી જન સાચા મનના ગંભીર,
રાખે સદા સ્થિર વૃત્તિયોને. ૫
નવ કદિ થાય ભંગ તેનું વ્રત,
સદા રે' પ્રવૃત્ત સત્કર્મમાં. ૬
સાચા તે સંન્યાસી સાચા તે વિરક્ત,
નથિ જે આસક્ત વિષયમાં. ૭
સાર્થક્ય કરે છે પોતાનો આશ્રમ,
જાય વિનાશ્રમ મુક્તિધામે. ૮

૮૭

શ્રદ્ધાથી કરે જે બ્રહ્મઆરાધન,
એજ છે યજન પિતરનું. ૧
ગોત્રનામોદ્દેશે સ્મરિ તેનું નામ,
કરિને પ્રણામ બ્રહ્મપદે. ૨
એજ શુદ્ધ શ્રેષ્ઠ શ્રાદ્ધવિધિ કર્મ,
જાણિ નિજ ધર્મ કરે તેનું. ૩
બ્રહ્મધ્યાન ધરે સહુ પરિવાર,
તેમનો ઉદ્ધાર માગે પુત્ર. ૪
કરિને સમાપ્ત શ્રાદ્ધનું વિધાન,
આપે અન્ન દાન અશક્તને. ૫
માત પિતા સાથે સ્નેહનું નિશાન,
જણાય નિદાન સત્પુત્રનું. ૬
કુપુત્ર પતિત પીડે માત તાત,
થાય સત્ય ઘાત અન્તે તેનો. ૭
સુપુત્ર એ પુત્ર પાળે પિતા આજ્ઞા,
કરે ન અવજ્ઞા તેની કદી. ૮

૮૮

ભક્તિમાન પુત્ર રાખે સદા સુખી,
નવ કરે દુઃખી માબાપને. ૧
પરલોકે જ્યારે કરે તે ગમન,
રાખે છે સ્મરણ તે આત્માનું, ૨
પ્રતિસંવત્સરે સ્મરિ ઉપકાર,
પ્રીતિ ઉપચાર અર્પે તેને. ૩
બ્રહ્મઉપાસના કરિને તે દિન,
માગે ક્ષમાપાત્ર પાતકનું. ૪
[1]પિતા [2]પિતામહ [3]પ્રપિતામહને,
સ્મરિ શુદ્ધમને વંદે તેને. ૫
વંદી પ્રભુ પાસે માગે તેની મુક્તિ,
એજ સત્ય ભક્તિ સત્પુત્રની. ૬
નવ થાય પિતૃ તૃપ્ત પિંડદાને,
નહિ જળપાને પામે શાન્તિ. ૭
બ્રહ્મનિષ્ઠ પુત્ર જાણિ નિજ ધર્મ,
કરે શ્રાદ્ધકર્મ પ્રીતિ ભાવે. ૮

૮૯

ત્રણ લોકમાં છે તમારો નિવાસ,
સત્ય એ વિશ્વાસ છે અમારો, ૧
જીવ છે અમર અજર અક્ષય,
નવ પામે લય દેહ સાથે. ૨
પ્રાણી જેવી કરે શુભાશુભ કૃતિ,
થાય તેવી ગતિ તે જીવની. ૩
સત્ય એ સિદ્ધાન્ત કરે સર્વ શાસ્ત્ર,
નથિ તિલમાત્ર તેમાં વાદ. ૪
અહીંથી ગયા જે પૂર્વજ પિતર,

---

૧. બાપ, ૨. દાદા. ૩. દાદાના બાપ.

સર્વ છે એમર પરલોકે. ૫
તેમના જે હોય સુપુત્ર સંતાન,
યજન વિધાન કરે તેનું. ૬
ઉત્તમ વિધિનું કરે શ્રાદ્ધકર્મ,
શુદ્ધ બ્રાહ્મધર્મ પદ્ધતિથી. ૭

૯૦

મારા તીર્થરૂપ મહા પુણ્યવાન,
ગયા સ્વર્ગસ્થાન આનન્દથી. ૧
વિક્રમ સંવત ઓગણીસેં ત્રણ,
ઉત્તમ આશ્વિન સુદી બીજ. ૨
રાત્રિ સમયના પહેલા પૂર્વયામે,
ગયા પુણ્યધામે તે ધર્માત્મા. ૩
આજ તેમનો છે સાંવત્સર દિન,
કરૂં છું યજન શ્રદ્ધાભાવે. ૪
સ્મરણ કરૂં છું તેના ઉપકાર,
પ્રેમના ઉદ્ગાર ઉભરાયં. ૫
પરબ્રહ્મને હું કરૂં છું પ્રણામ,
સ્મરૂ શુભનામ પિતરનું. ૬
કૃપા કરી કરો તેની આત્મોન્નતિ,
નવ થાય ક્ષતિ તેની કદી. ૭
રહે પરલોકે તમારા સંમુખ,
નવ પામે દુઃખ યાતનાનું. ૮
માગું હું વિશ્વેશ એજ આશીર્વાદ,
બોલું ધન્યવાદ જય જય. ૯
ત્રણ[1] પુરૂષને કરૂં નમસ્કાર,
માગુંછું ઉદ્ધાર પૂર્વજોનો. ૧૦

૧. પિતા, પિતામહ અને પ્રપિતામહ.

મહર્ષિ તપસ્વી સત્ય વ્રતધારી
થયા ઉપકારી જગતમાં. ૧૧
સર્વ પુણ્યશાળી સદા સુખી રહો,
અવિરત અહો આશીર્વાદ. ૧૨
પતિત પાવન માગિ ક્ષમાપન,
કરૂં સમાપન શ્રાદ્ધ કર્મ. ૧૩

૯૧

*પરબ્રહ્મ તમે પાપવિનાશક,
સર્વમાં વ્યાપક છો સત્તાથી. ૧
ત્રણ લોકમાં છે તમારો પ્રતાપ,
નવ થાય માપ માહાત્મ્યનું. ૨
પરલોકે ગયા પુણ્ય પ્રાણીજન,
તેનું હું યજન કરૂં આજ. ૩
જનકીપતા જે હતા આ સંસારે,
ગયા તવ દ્વારે આનંદથી. ૪
સંસ્કારિક સંજ્ઞા સાંરાંભાઈ નામ,
કરૂં છું પ્રણામ તે આત્માને. ૫
તેના [1]ક્ષયાહનું પુણ્યપર્વ આજ,
માગું મહારાજ મુક્તિ તેની. ૬
કૃપા કરી આપ્યું વિદ્યા ધન દાન,
મળ્યું મને માન તે દ્વારાએ. ૭
ઉપદેશશિક્ષા આપી વારંવાર,
માનું ઉપકાર એ પિતાનો. ૮
પરમાવધિની શાન્તિ તેને આપો,
યાતનાઓ કાપો તેની સર્વ. ૯

૧. મૃત્યુનો દિવસ.

સ્વસ્તિ વચનથી પ્રભુને સ્મરૂં છું,
ચરણે ધરૂં છું પ્રેમ પુષ્પ. ૧૦
પ્રેમપુષ્પ અર્પી કરૂં નમસ્કાર,
વિનતિ સ્વીકાર કરો મારી. ૧૧
દ્યુલોકે શાન્તિ અન્તરિક્ષે શાન્તિ,
પૃથિવિમાં શાન્તિ જળે શાન્તિ. ૧૨
અન્ન વનસ્પતિ ઔષધિમાં શાન્તિ,
કરો સર્વ શાન્તિ શાન્તિ દેવ. ૧૩

૯૨

પૂજ્યપિતાની છે આજપુણ્યતિથિ,
કરૂં આદરથી શ્રાદ્ધ તેનું. ૧
ઉપકાર તેના લાવીને સ્મરણ,
કરૂં છું તર્પણ પ્રેમજલે. ૨
*પિતૃ દેવતાનાં સહ પરિવાર,
કરી નામોચ્ચાર વંદુ તેને. ૩
પરબ્રહ્મ તારૂં ધરી શુભ ધ્યાન,
પ્રેમાર્ધ્યપ્રદાન કરૂં તને. ૪
માગું નમ્રતાથી કરી નમસ્કાર,
કરો પિતૃદ્ધાર દેવ તમે. ૫
કૃપા કરી તેને આપશો આશીષ,
રહે જગદીશ સમીપમાં. ૬
સમીપમાં રહી કરે તારી ભક્તિ,
થાય આત્મોન્નતિ પુણ્યલોકે. ૭
પ્રભુપાદ પદ્મે મસ્તક ધરૂં છું,
સમાપ્ત કરૂં છું શ્રાદ્ધવિધિ. ૮

* પિતૃલોક.

૯૩

સમર્થ પ્રભુનું સ્મરણ કરૂં છું,
મસ્તક ધરૂં છું ચરણમાં. ૧
અગમ્ય ગહન ગતિ છે તમારી,
થાકે વાણી મારી ગાતાં ગુણ. ૨
અશાશ્વત સર્વ સાંસારિક સુખ,
આવી પડે દુઃખ અકસ્માત. ૩
આજ છે મંગલ કાલે અમંગલ,
થાયછે નિષ્ફલ યત્ન સર્વ. ૪
આજ મિત્રયોગ કાલે છે વિયોગ,
ભોગવવા ભોગ જે જે આવે. ૫
આજ પુત્ર સાથે થાયછે ભાષણ,
થાય વિસર્જન કાલે તેનું. ૬
*પ્રિય પુત્ર ગયો પ્રભુ પુણ્યધામે,
મુક્તિપદ પામે આત્મા તેનો. ૭
હાથ જોડી નાથ કરૂં હું વિનતિ,
કરશો ઉન્નતિ તે આત્માની. ૮

૯૪

અજ્ઞાનથી લાગે સર્વ વિપરીત,
પરન્તુ ઘટિત કરે પ્રભુ. ૧
વિયોગથી થાય સ્વભાવિક દુઃખ,
આપો ચિત્ત સુખ શાન્તિ મને. ૨
તમારી કૃપાથી કરૂં હું તિતિક્ષા,
ભોગવું હું શિક્ષા જે આપો તે. ૩
તેસઠ વરસ આજ પૂરાં થયાં,
વૃથા સર્વ ગયાં ભક્તિવિના. ૪

---

* જયેષ્ઠ પૂત્ર બાબારાવના મરણને ઉદ્દેશીને કહેલ છે.

આત[illegible] સાધ્યું ન સાધ્ય,
પ્રભુ આરાધન કીધું નહિ. ૫
અવશેષ કાલ વૃથા નવ જાય,
સર્વ કાર્ય થાય પ્રભુ પ્રિય. ૬
પ્રભુચરણથી છૂટે નહિં લક્ષ,
નિરખું સમક્ષ તમને હું. ૭

૯૫

ભોગ ઇંદ્રિયોના લાગે બહુ મિષ્ટ,
પરન્તુ તે રિષ્ટ કરે અન્તે. ૧
લાજ સર્વ મુકી કીધાં મેં પાતક,
થયો છું ઘાતક આત્માનો હું. ૨
નાથ મારી ગતિ તેથી સારી થાય,
સૂચવશો ઉપાય તેનો મને. ૩
થરથર થર કાયા મારી કંપે;
ક્ષણ નવ જંપે મન મારૂં. ૪
સાષ્ટાંગ કરૂં છું તમને વંદન,
માગું ક્ષમાપન પાતકનું. ૫
રાખો લજ્જા મારી કૃપાળ ઉદાર,
કરો અંગીકાર સ્વામિ મારો. ૬
ભાવ મારો રહે પ્રભુમાં અચળ,
કરૂં હું મંગળ આચરણ. ૭
ઇચ્છાઅનુસારે ચાલિને તમારી,
પ્રભુ પ્રિયકારી કરૂં ક્રિયા. ૮

સમાપ્ત.